dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -09 | Issue- 294 | AD - 2026, Ashadh Vad -01 | Thursday, Dt. 30-07-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## રાજ્યસભામાં ‘વંદે માતરમ’ના સન્માન માટે બિલ પસાર, રાષ્ટ્રીય ગીતનું અપમાન ફોજદારી ગૂનો ગણાશે

# વિપક્ષોના હોબાળા વચ્ચે લોકસભામાં પરીક્ષા સુધારા વિધેયક મંજૂર

નવી દિલ્હી,તા.૨૯

રાજ્યસભાએ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬ને મંજૂરી આપી દીધી છે. આ સુધારા વિધેયક દ્વારા ભારતના રાષ્ટ્રીય ગીત ‘‘વંદે માતરમ’’ને કાનૂની રક્ષણ પૂરું પાડવામાં આવ્યું છે. આ કાયદા હેઠળ હવે રાષ્ટ્રીય ગીતના ગાનમાં ઈરાદાપૂર્વક અવરોધ ઊભો કરવો અથવા તેનું અપમાન કરવું એ ફોજદારી ગુનો ગણાશે. આ ગુના માટે મહત્તમ ત્રણ વર્ષ સુધીની જેલની સજાની જોગવાઈ રાખવામાં આવી છે.

અત્યાર સુધી ૧૯૭૧ના મૂળ કાયદામાં ફક્ત રાષ્ટ્રીય ધ્વજ, બંધારણ અને રાષ્ટ્રીય અંકિત ગાન ‘‘જન ગણ મન’’ને જ કાનૂની રક્ષણ પ્રાપ્ત હતું. હવે તેમાં ‘વંદે માતરમ’નો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સુધારો એવા સમયે આવ્યો છે જ્યારે દેશભરમાં ‘વંદે માતરમ’ની ૧૫૦મી વર્ષગાંઠની ઉજવણી થઈ રહી છે. બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત અને તેમની ‘આનંદમઠ’ નવલકથામાંથી લેવાયેલું આ ગીત સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન રાષ્ટ્રીય ચેતનાનું પ્રતીક બન્યું હતું.



રાજ્યસભામાં બપોરનું સત્ર શરૂ થતાં જ વિરોધ પક્ષોએ દિલ્હીમાં નીટ (NEET) પેપર લીક સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર થયેલી પોલીસ કાર્યવાહી અંગે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ પાસે જવાબ માંગતા સૂત્રોચ્ચાર કર્યા હતા. ઉપસભાપતિ હરિવંશે ગૃહની મર્યાદા જાળવવા વિનંતી કરી હોવા છતાં વિરોધ ચાલુ રહ્યો હતો. જ્યારે કેન્દ્રીય રાજ્યમંત્રી રામદાસ આઠવલે બિલ પર વક્તવ્ય આપી રહ્યા હતા, ત્યારે વિપક્ષી સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. વિપક્ષની ગેરહાજરી અને હોબાળા વચ્ચે જ આ બિલ પસાર કરવામાં આવ્યું હતું.

બીજી તરફ, લોકસભાએ પણ વિપક્ષના ભારે શોરબકોર વચ્ચે જાહેર પરીક્ષાઓ (અન્યાયી માધ્યમો નિવારણ) સુધારો બિલ, ૨૦૨૬ને ધ્વનિ મતથી પસાર કર્યું છે. બિલ પરની ચર્ચા દરમિયાન જંતર-મંતર પર વિદ્યાર્થીઓ પર થયેલા કથિત ગોળીબાર અંગે કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીના નિવેદન અને કેન્દ્રીય ગૃહ મંત્રી સામેના આરોપોને કારણે તીવ્ર ચર્ચા થઈ હતી. સરકારે ગૃહમાં સ્પષ્ટતા કરી હતી કે ૨૦૨૪માં મૂળ કાયદો અમલમાં આવ્યા પછી એફઆઈઆર (FIR) નોંધવામાં આવી છે. સરકારી દાવા મુજબ, આ કાયદાથી પરીક્ષા માફિયાઓ સામે કડક કાર્યવાહી શક્ય બની છે અને વિદ્યાર્થીઓમાં આત્મહત્યાના કિસ્સામાં પણ ઘટાડો થયો છે. આ સુધારો જાહેર પરીક્ષાઓને વધુ પારદર્શક અને વિશ્વસનીય બનાવશે. બિલ પસાર થયા બાદ સ્પીકર ઓમ બિરલાએ લોકસભાની કાર્યવાહી મુલતવી રાખી હતી.

# આગ્રામાં યોજાનાર કાવડ યાત્રા અંગે માર્ગદર્શિકા જાહેર, ડી.જે અને કાવડની ઉંચાઈ નક્કી કરાઈ

આગ્રા,તા.૨૯

આગ્રામાં શ્રાવણ માસ દરમિયાન યોજાનારી કાવડ યાત્રાને લઈને પોલીસ અને પ્રશાસન દ્વારા મહત્વની સંકલન બેઠક યોજવામાં આવી હતી.

પોલીસ કમિશનર દીપક કુમાર અને જિલ્લા મેજિસ્ટ્રેટની હાજરીમાં લેવાયેલા નિર્ણય મુજબ, કાવડની ઊંચાઈ ૧૨ ફૂટથી વધુ નહીં રાખવા અને ડીજે નિર્ધારિત અવાજની મર્યાદામાં જ વગાડવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.



કાવડ માર્ગ અને મંદિરોની આસપાસ માંસની દુકાનો સંપૂર્ણપણે બંધ રહેશે. ફૂડ વિભાગની ટીમો હોટલ અને ઢાબાનું નિરીક્ષણ કરીને ભાવપત્રક પ્રદર્શિત કરાવશે. સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે સમગ્ર માર્ગનું મેપિંગ કરવામાં આવ્યું છે અને સંવેદનશીલ સ્થળો તથા મુખ્ય ઘાટો પર વધારાનો પોલીસ કાફલો તૈનાત રહેશે.


યાત્રા દરમિયાન ટ્રાફિક ડાયવર્ઝન, એમ્બ્યુલન્સ, ક્રેન અને તબીબી સેવાઓ ઉપલબ્ધ રખાશે. સોશિયલ મીડિયા પર ૨૪ કલાક નજર રાખીને અફવાઓ ફેલાવનારા સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

તદુપરાંત, રસ્તાઓનું સમારકામ, પાણીના નિકાલ અને વીજળીના લટકતા વાયરો સરખા કરવાની સૂચના પણ સંબંધિત વિભાગોને આપી દેવામાં આવી છે.

# સાઉદી અરેબિયાએ ઈરાકમાં હવાઈ હુમલો કરતા ઈરાન સમર્થિત ૨૦ ઉગ્રવાદીના મોત

તહેરાન,તા.૨૯

ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે અમેરિકા અને સાઉદી અરેબિયાએ સંયુક્ત સૈન્ય કાર્યવાહી હાથ ધરી હોવાનું સામે આવ્યું છે. મંગળવારે રાત્રે બંને દેશોએ ઈરાકમાં ઈરાન સમર્થિત (PMF)ના ઉગ્રવાદીઓના ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા હતા. અહેવાલો મુજબ આ હુમલામાં ૨૦ લડવૈયાઓના મોત થયા છે, જ્યારે ૩૨ જેટલા લોકો ઘાયલ થયા હોવાનું જણાવાયું છે. અમેરિકી સેનાના જણાવ્યા અનુસાર, આ ઠેકાણાઓ પરથી અમેરિકી સૈનિકો તેમજ સાઉદી અરેબિયાના મહત્વના ઊર્જા સ્થાપનો પર હુમલાની તૈયારી ચાલી રહી હતી. સંભવિત ખતરાને ધ્યાનમાં રાખીને આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું અમેરિકાએ જણાવ્યું છે. હુમલાના થોડા કલાકો બાદ ઈરાને જવાબી કાર્યવાહી કરતાં અનેક બેલિસ્ટિક મિસાઈલો છોડવાનો દાવો કરવામાં આવ્યો છે. આ મિસાઈલો જોર્ડનમાં આવેલા અમેરિકી સૈન્ય મથકને નિશાન બનાવી છોડવામાં આવી હોવાનું કહેવાય છે. જોકે અમેરિકાના હવાઈ સંરક્ષણ તંત્રએ તમામ મિસાઈલોને લક્ષ્ય સુધી પહોંચે તે પહેલાં જ ઈન્ટરસેપ્ટ કરી દીધી હતી. આ ઘટનાથી મધ્ય પૂર્વમાં તણાવ વધુ વધી ગયો છે. અમેરિકા, ઈરાન અને તેમના સાથી દેશો વચ્ચે વધતી સૈન્ય કાર્યવાહીને લઈને આંતરરાષ્ટ્રીય સ્તરે ચિંતા વ્યક્ત થઈ રહી છે. આગામી દિવસોમાં પરિસ્થિતિ વધુ ગંભીર બનવાની શક્યતા વચ્ચે સમગ્ર વિશ્વની નજર હવે આ વિસ્તારમાં ચાલી રહેલી ઘટનાઓ પર કેન્દ્રિત થઈ છે.



## પશ્ચિમ બંગાળ પોલીસને મહત્વની સફળતા મળી

# બીરભૂમ જિલ્લામાં ખાલી ઘરમાંથી વિસ્ફોટકોનો મોટો જથ્થો ઝડપાયો

કોલકત્તા, તા.૨૯

પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના નલહાટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે એક મોટી કાર્યવાહી કરીને ત્યજી દેવાયેલા ઘરમાંથી ગેરકાયદેસર વિસ્ફોટક સામગ્રીનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. ગુપ્ત બાતમીના આધારે પોલીસે મંગળવારે રાત્રે દરોડો પાડ્યો હતો, જેમાં ૮૦૦ કિલોથી વધુ એમોનિયમ નાઈટ્રેટ,




તસવીર : પ્રતિકાત્મક

૧,૨૦૦થી વધુ જિલેટીન સ્ટિક્સ, ૧૦૫ ડેટોનેટર અને ૩૬ ડિટોનેટિંગ ફ્યુઝ કોઈલ મળી આવ્યા છે.

છેલ્લા કેટલાક દિવસોથી તે અવાવરૂ ઘરની આસપાસ અજાણ્યા લોકોની શંકાસ્પદ અવરજવર વધી ગઈ હતી અને રાત્રિના સમયે મોટા બોક્સ લાવવામાં આવતા હતા. આ શંકાસ્પદ પ્રવૃત્તિઓની ચોક્કસ માહિતિ મળતા જ પોલીસે તાત્કાલિક એક ટીમ બનાવી દરોડો પાડ્યો હતો અને ગેરકાયદે વિસ્ફોટકોનો પર્દાફાશ કર્યો હતો.

બીરભૂમ જિલ્લા પોલીસે ગુના પ્રત્યે ઝીરો-ટોલરન્સ નીતિ હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. આટલી મોટી માત્રામાં વિસ્ફોટકો ક્યાંથી લાવવામાં આવ્યા હતા અને તેનો શો ઉપયોગ થવાનો હતો તે દિશામાં પોલીસ તપાસ કરી રહી છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા જ બીરભૂમના મલ્લારપુર વિસ્તારમાંથી પણ ૩૧ જેટલા જીવંત બોમ્બ મળી આવ્યા હતા, જેથી સુરક્ષા એજન્સીઓ વધુ બની છે.


# કોલસા કેસ મામલે પૂર્વ પીએમ મનમોહન સિંહ સામે ટ્રાયલ કોર્ટનો આદેશ સુપ્રીમ કોર્ટે રદ કર્યો



નવી દિલ્હી,તા.૨૯

સુપ્રીમ કોર્ટે ૨૦૦૫ના ઓડિશા તાલાબીરા-૨ કોલસા બ્લોક ફાળવણી કેસમાં પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહને મોટી રાહત આપતા ક્લીન ચીટ આપી છે. અદાલતે ખાસ ટ્રાયલ કોર્ટ દ્વારા તેમને મોકલાયેલા સમન્સના આદેશને રદ કરીને સીબીઆઈના ક્લોઝર રિપોર્ટને માન્ય રાખ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ મામલે કોઈ ગુનાહિત કાવતરું કે આદેશ આપવાનો નક્કર આધાર ન હોવાથી કેસ ચાલુ રાખવાનું વાજબી નથી.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
ગુરુવાર, તા.૩૦-૦૭-૨૦૨૬

# ગુરૂપુર્ણિમાના પાવન અવસરે ઉર્જામંત્રી કૌશિક વેકરીયાએ વડિયાના મંદિરોમાં દર્શન કર્યા

અમરેલી,તા.૨૯

વડિયા શહેરમાં ગુરુપૂર્ણિમાના પાવન પર્વની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. કંથડનાથજી મહાદેવ મંદિર, સ્વામિનારાયણ દિવ્ય ધામ મંદિર, બિલેશ્વર મહાદેવ મંદિર સહિતના વિવિધ મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના અને દર્શનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાત સરકારના કાયદા, ઊર્જા અને પેટ્રોકેમિકલ મંત્રી કૌશિકભાઈ વેકરિયાએ વિવિધ મંદિરોની મુલાકાત લઈ ભગવાનના દર્શન કર્યા હતા તેમજ સાધુ-સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. તેમની સાથે વડિયા-કુંકાવાવ તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુંમર તથા ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. ગુરુપૂર્ણિમાના અવસરે શહેરના તમામ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા અને મોટી સંખ્યામાં ભાવિકોએ દર્શન કરી ધર્મલાભ મેળવ્યો હતો.



# લીલીયા વકીલ મંડળ દ્વારા રાજકોટમાં હાઈકોર્ટની માંગ સાથે આવેદન પાઠવાયું

અમરેલી,તા.૨૯

લીલીયા વકીલ મંડળ દ્વારા રાજકોટ ખાતે ગુજરાત હાઈકોર્ટની બેંચ સ્થાપવાની માંગ સાથે મામલતદાર કચેરીમાં આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. રજૂઆતમાં જણાવાયું હતું કે હાલ સૌરાષ્ટ્ર-કચ્છના નાગરિકોને ન્યાય મેળવવા માટે અમદાવાદ સુધી લાંબી મુસાફરી કરવી પડે છે, જેના કારણે સમય અને ખર્ચમાં વધારો થાય છે. રાજકોટમાં હાઈકોર્ટની બેંચ કાર્યરત થાય તો સમગ્ર વિસ્તારમાં રહેતા લોકોને ઝડપી, સરળ અને સુલભ ન્યાય મળી શકશે. સાથે જ ગુજરાત હાઈકોર્ટ પર કેસોનું ભારણ પણ ઘટશે અને ન્યાયિક પ્રક્રિયા વધુ અસરકારક બનશે. આ પ્રસંગે કિશોરભાઈ પાઠક, જીતુભાઈ પાઠક, એસ. પી. ભડકોલીયા, નરેશભાઈ હેલૈયા, મનોજભાઈ દવે, એચ. બી. જોશી, જૈમીન પાઠક સહિત તાલુકા વકીલ મંડળના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.



# વડિયામાં ગુરુપૂર્ણિમા મહોત્સવની ધામધૂમથી કરવામાં આવી ઉજવણી

**ગુરુ પૂજન, દિવ્ય સત્સંગ, સંતવાણી અને ભોજન પ્રસાદનું આયોજન**

વડિયા,તા.૨૯

વડિયામાં ગુરુપૂર્ણિમા પર્વની ભક્તિભાવ સાથે ઉજવણી કરવામાં આવી હતી. સ્વામિનારાયણ દિવ્ય ધામ, બિલેશ્વર મહાદેવ મંદિર, સર્વાનંદ બાપુનો આશ્રમ અને કંથડનાથજીની મઢી જેવા ધાર્મિક સ્થળોએ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ગુરુ પૂજન, દિવ્ય સત્સંગ, સંતવાણી અને ભોજન પ્રસાદનું સુંદર આયોજન થયું હતું. આજુબાજુના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ ઉમટી પડ્યા હતા અને ગુરુદેવના આશીર્વાદ મેળવીને ધન્યતા અનુભવી હતી.

# સિનિયર સિટીઝન્સ સોસાયટી અમરેલીનો દ્વિદશાબ્દી મહોત્સવ યોજાયો

**મહોત્સવમાં પ્રાર્થના નૃત્ય, વેલકમ ડાન્સ, નાટક, ગરબો, વ્યંગ કાવ્ય અને ગીતો રજૂ થયા**

અમરેલી,તા.૨૦

છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત સિનિયર સિટીઝન્સ સોસાયટી, અમરેલીનો ભવ્ય દ્વિદશાબ્દી મહોત્સવ પ્રમુખ કાચાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ગાયત્રી સંસ્કારધામ ચલાલાના સંતશ્રી પૂજ્ય રતિદાદા અને એજ કેર ફેડરેશનના મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. મહોત્સવમાં પ્રાર્થના નૃત્ય, વેલકમ ડાન્સ, નાટક, ગરબો, વ્યંગ કાવ્ય અને કરાઓકે ગીતો જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો સભ્યો દ્વારા રજૂ થયા હતા.મંત્રી સુરેશભાઈ ત્રિવેદીના સ્વાગત પ્રવચન બાદ મહેમાનોનું સન્માન અને સોવેનિયરનું વિમોચન કરાયું હતું. સાથે જ દંપતી જીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરનાર, વડીલો અને રમત-ગમતના વિજેતાઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. પૂજ્ય રતિદાદાના આશીર્વચન અને નટુભાઈ પટેલના પ્રાસંગિક વક્તવ્ય બાદ પ્રમુખે સંસ્થાના સ્થાપક સ્વ. ચંદ્રકાંત ત્રિવેદીને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા.



# અમરેલીમાં જવાહર નહેરુ જુનિયર હોકી સ્પર્ધા ૩ અને ૪ ઓગસ્ટે યોજાશે

અમરેલી,તા.૨૯

જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલી દ્વારા જવાહર નહેરુ જુનિયર હોકી સ્પર્ધા ૨૦૨૫-૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. સ્પર્ધા ૩ અને ૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સરદાર પટેલ રમત સંકુલ, ચિતલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં સવારે ૮ વાગ્યાથી શરૂ થશે. ૩ ઓગસ્ટે ૪૩મી સબ જુનિયર અંડર-૧૫ ભાઈઓ અને ૫૪મી જુનિયર અંડર-૧૭ ભાઈઓની સ્પર્ધા યોજાશે, જ્યારે ૪ ઓગસ્ટે ૩૨મી જુનિયર અંડર-૧૭ બહેનોની સ્પર્ધા યોજાશે. અંડર-૧૫ માટે ખેલાડીઓનો જન્મ ૧ નવેમ્બર ૨૦૧૧ પછી અને અંડર-૧૭ માટે ૧ નવેમ્બર ૨૦૦૯ પછીનો હોવો જરૂરી છે. ઈચ્છુક શાળાઓએ સ્પર્ધાના દિવસે જિલ્લા રમત વિકાસ અધિકારી કચેરી, અમરેલી ખાતે એન્ટ્રી નોંધાવવાની રહેશે.

# વડેરા ખાતે વાહકજન્ય રોગો નિયંત્રણ અંગે સઘન કામગીરી

અમરેલી,તા.૨૯

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. આર. એમ. જોશી, જિલ્લા મેલેરિયા અધિકારી ડૉ. એ. કે. સિંહ તથા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. એસ. બી. સતાણીના માર્ગદર્શન હેઠળ વડેરા ગામ ખાતે વાહકજન્ય રોગો જેવા કે મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકનગુનિયાનો ફેલાવો ન થાય તે માટે આરોગ્ય વિભાગ દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ગ્રામજનોને બિનજરૂરી પાણીનો સંગ્રહ ન કરવા માટે આરોગ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, ૧૨ જેટલા ખુલ્લા પાણીના ટાંકાઓમાં પોરાભક્ષક ગપ્પી માછલીઓ મૂકવામાં આવી હતી. આ કામગીરીને સફળ બનાવવા માટે સ્થાનિક આરોગ્ય સ્ટાફ એસ. પી. રાણવા, કે. બી. દુધાત, ડી. જી. રાજ્યગુરુ, બિલ્કીસબેન ભટ્ટી અને કાજલબેન જાદવે ભારે જહેમત ઉઠાવી હતી.



# અમરેલી-ધારી રોડ પર મહિલા સંચાલિત દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ

અમરેલી, તા.૨૯

અમરેલી-ધારી રોડ પર સધરાજકના કારખાના પાસે મહિલા સંચાલિત દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે ૨૦૦ લીટર આથો સહિત રૂ. ૫,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જોકે, મહિલા મળી આવી નહોતી. જિલ્લામાં વિવિધ સ્થળેથી કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા ૨૨ ઈસમો મળી આવ્યા હતા. ઉપરાંત, જિલ્લામાં ત્રણ મહિલા સહિત સાત લોકો પાસેથી ૨૮ લીટર પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો.

# મોટી કુંકાવાવના કરાઓકે ક્લબમાં સંગીત સંધ્યાનું કરાયું આયોજન

વડિયા, તા.૨૮

મોટી કુંકાવાવ ખાતે આજે અમરેલીના સુરસંગમ કરાઓકે ક્લબના સંયુક્ત ઉપક્રમે કુંકાવાવનાં સ્વરાલય ક્લબમાં સંગીત સંધ્યાનું આયોજન થયું હતું. આ પ્રસંગે સુરસંગમ કરાઓકે ક્લબના રાજુભાઈ ગાંધી, સિકંદરખાન પઠાણ (વોઈસ ઓફ રફી), લયાબા રાજપૂત, અનુબા, લીનાબેન, અશોકભાઈ અને શફીભાઈ દ્વારા દેશભક્તિ અને જુના ફિલ્મી ગીતો રજૂ કરવામાં આવ્યા હતા.














## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી. નં. ૮૬/ ૨૦૨૬

શ્રી સાગરભાઈ મગનભાઈ સોલંકી
રહે.આંબા તા.લીલીયા જિ.અમરેલી .......... અરજદાર

વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી–આંબા. ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સાગરભાઈ મગનભાઈ સોલંકીની ભાણકી શિવન્યા અનિલભાઈ ચુડાસમા જન્મ તા.૦૪/૦૯/૨૦૨૧ ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી. નં. ૭૭/ ૨૦૨૬

શ્રી હરેશભાઈ કાંતિભાઈ સોહલીયા
રહે.ગુંદરણ તા.લીલીયા જિ.અમરેલી
હાલઃ– ૧૨૪, ગોદાવરી પાર્ક સોસા. પુણાગામ ચોર્યાસી,
સુરત ગુજરાત–૩૯૫૦૧૦ .......... અરજદાર

વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત–વ–તલાટી કમ મંત્રીશ્રી–ગુંદરણ. ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી હરેશભાઈ કાંતિભાઈ સોહલીયા નો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૯ના રોજ ગુંદરણ મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી. નં. ૮૫/ ૨૦૨૬

શ્રી સાગરભાઈ મગનભાઈ સોલંકી
રહે.આંબા તા.લીલીયા જિ.અમરેલી .......... અરજદાર

વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી–આંબા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી સાગરભાઈ મગનભાઈ સોલંકીની પુત્રી મનીષાબેન સાગરભાઈ સોલંકી જન્મ તા.૧૨/૦૮/૧૯૯૬ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## -//એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-

જન્મ રજી. નં. ૭૫ / ૨૦૨૬

શ્રી રશીદાબેન કરીમભાઈ મકવાણા વા/ઓફ
સલીમભાઈ ઉંમરભાઈ ખોખર કે/ઓફ રશીદાબેન સલીમભાઈ ખોખર
રહે.સાવરકુંડલા ઠે.હાઉસ–૧ સૂર્યનગર ફજલ પાર્ક તા.સાવરકુંડલા
જિ.અમરેલી .......... અરજદાર

વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત–વ–તલાટી કમ મંત્રીશ્રી પીપળવા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી રશીદાબેન કરીમભાઈ મકવાણા નો પોતાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૮ના રોજ પીપળવા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચૂક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો


સહી
તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ
લીલીયા

## એલસીબીએ હોટલોમાં રોકાઈ ચોરી અને છેતરપિંડી કરનાર શખ્સ ઝડપ્યો

# અમરેલીની હોટલમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

અમરેલી,તા.૨૯

અમરેલી સ્થાનિક ગુના શાખાએ હોટલોમાં રોકાવાના બહાને ચોરી અને છેતરપિંડી કરનાર એક શખ્સને ઝડપી પાડી મહત્વની સફળતા મેળવી છે. આરોપી જીકેશ રાજેશભાઈ પાનસુરીયા રહે. પાસોદર પાટીયા, સુરતવાળો હોટલમાં ગ્રાહક તરીકે રોકાતો અને વિશ્વાસ કેળવી રોકડ રકમ મેળવી ફરાર થઈ જતો હતો. ઉપરાંત તક મળતા હોટલના કાઉન્ટર અથવા આસપાસના સ્થળેથી ચોરી પણ કરતો હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસે આરોપી પાસેથી રોકડ રકમ કબજે કરી વધુ પૂછપરછ હાથ ધરી હતી.પોલીસ તપાસ દરમિયાન આરોપીએ અમરેલી ઉપરાંત ઉના, રાજકોટ, પોરબંદર, વેરાવળ, જામનગર, જુનાગઢ, વડોદરા, અંકલેશ્વર સહિતના વિસ્તારોમાં ચોરી અને છેતરપિંડીના અનેક બનાવોની



કબૂલાત આપી હોવાનું જાણવા મળ્યું છે. અમરેલીમાં હોટલના કાઉન્ટરમાંથી રોકડ રકમ ચોરી કર્યાની તેમજ અન્ય સ્થળોએ વિશ્વાસમાં લઈને રોકડ મેળવી ભાગી જવાની રીત અપનાવતો હોવાનું ખુલ્યું છે.તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આરોપી અલગ અલગ હોટલોમાં થોડા દિવસ રોકાતો, ત્યારબાદ વિશ્વાસમાં લઈ રોકડ રકમ મેળવી ત્યાંથી નીકળી જતો હતો. કેટલાક બનાવોમાં અન્ય લોકો પાસેથી પણ રોકડ મેળવી છેતરપિંડી કરી હોવાનું બહાર આવ્યું છે. પોલીસે તમામ ગુનાઓ અંગે વધુ તપાસ શરૂ કરી છે અને અન્ય કોઈ બનાવોમાં સંડોવણી છે કે નહીં તે દિશામાં પણ કાર્યવાહી ચાલી રહી છે. આરોપીની ધરપકડથી અમરેલી અને ઉનાના અગાઉના ગુનાઓનો ભેદ ઉકેલવામાં સફળતા મળી હોવાનું પોલીસે જણાવ્યું છે.

### ૧૦ સ્થળોએ હોટલમાં રોકાઈને છેતરપીંડી આચરી

આરોપી જીકેશ રાજેશભાઈ પાનસુરીયા ગમે તે શહેરમાં આવેલી હોટલમાં રોકાતો અને મેનેજર કે બાજુમાં આવેલી દુકાનેથી ઓનલાઈન નાણા ટ્રાન્સફર કરવાનુ કરી છેતરપીંડી આચરતો હતો. ઘણીવાર હોટલ મેનેજરને વિશ્વાસમાં લઈ તેની પાસેથી નાણા મેળવી રાતોરાત રફુચક્કર થઈ જતો હતો. જો કે અમરેલી એલસીબીએ ફરિયાદના આધારે સુરતના શખ્સને ઝડપી પાડ્યો હતો.

### અમરેલીમાં ચોરી કરવાનું ભારે પડ્યુ

સુરતના શખ્સે વિવિધ શહેરોમાં છેતરપીંડી કર્યા બાદ અમરેલી બસ સ્ટેશનમાં આવેલી હોટલ વેલકમ ઈનમાં રોકાયો હતો અને ગત તા.૨૫ના રોજ સવારના ૩ વાગ્યે હોટલના કાઉન્ટર પર કોઈ ન હોય જેથી પોતે ચાવી વડે કાઉન્ટરનું ડ્રોવર ખોલી રૂા.૨૧,૦૦૦ ઉઠાવી લીધા હતા. જો કે આ અંગે અમરેલી સીટી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ થતા એલસીબીના હાથે સુરતનો શખ્સ દબોચાયો હતો.

## ધારી માર્કેટયાર્ડના દરવાજા પાસે અકસ્માતમાં પુરૂષને ગંભીર ઈજા

### ફોર વ્હીલર ચાલક ટક્કર મારી ફરાર થઈ ગયો

ધારી, તા.૨૯

ધારી માર્કેટ યાર્ડના ગેટ પાસે સર્જાયેલા અકસ્માતમાં એક પુરૂષને ખોપડીમાં ફ્રેક્ચર થયું હતું. આ અંગે હનીફભાઈ અબ્દુલાભાઈ બોઘાણી (ઉ.વ.૭૦)એ અજાણ્યા ફોર વ્હીલર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ પોતાની ઘંટીએથી મોટર સાયકલ લઈ ઘરે જતા હતા, ત્યારે ધારી માર્કેટ યાર્ડના ગેટ પાસે પહોંચતાં પાછળથી અજાણ્યા ફોર વ્હીલર ચાલકે ટક્કર મારી હતી. જેમાં તેમને માથાના ભાગે ખોપરીમાં ફ્રેક્ચર થયું હતું તેમજ શરીરે નાની-મોટી મૂંઢ ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જી અજાણ્યો ચાલક વાહન સાથે નાસી ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ઉમેશભાઈ બી. માંજરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

## બંસીધર વિદ્યાલય અમરેલી ખાતે ગુરુપૂર્ણિમાની ઉજવણી

### જિલ્લા શિક્ષણાધિકારીની ખાસ ઉપસ્થિતિ, વિદ્યાર્થીઓએ ગુરૂમહિમા પર પોતાના વિચારો રજૂ કર્યા

અમરેલી, તા.૨૯

બંસીધર વિદ્યાલય, અમરેલી ખાતે ગુરુપૂર્ણિમા પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે અમરેલીના જિલ્લા શિક્ષણ અધિકારી મનહરસિંહ ગોહિલ મુખ્ય અતિથિ તરીકે



ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે શિક્ષણનું મહત્વ સમજાવતું પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. ધોરણ ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ જેવા કે મકવાણા જય, બુટાણી મહેક, ભટ્ટ આસ્થા, મકવાણા સારંગ, જાદવ મિત્તલ અને મકવાણા દ્રષ્ટિએ ગુરુમહિમા પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. શાળાના આચાર્ય પી. કે. વસરાએ ગુરુ-શિષ્ય પરંપરા પર પ્રભાવશાળી વક્તવ્ય આપ્યું હતું.

આ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના આચાર્ય હર્ષાબેન બોદર પણ હાજર રહ્યા હતા. શિક્ષક બી. એન. મકવાણા, ડી. સી. ગોલ, રાધિકાબેન શેખવા અને શૈલેષભાઈ સોલંકીની મહેનતથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## દહીંથરા પ્રા.શાળામાં દાતાના હસ્તે વિદ્યાર્થીઓને વોટરબેગનું વિતરણ

દામનગર,તા.૨૯



તસવીર : વિનોદ જયપાલ

દામનગર તાલુકાના દહીંથરા ગામની પ્રાથમિક શાળામાં સુરત સ્થિત વતનપ્રેમી દાતા સંદીપભાઈ નરશીભાઈ વાવીયા પરિવાર દ્વારા તમામ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાની સ્માર્ટ વોટરબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંદીપભાઈએ પોતાના શિક્ષણની શરૂઆત કરેલી માતૃ સંસ્થા પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરી બાળકોને ઉપયોગી ભેટ અર્પણ કરી હતી. આ ઉપરાંત ગામના આંગણવાડી કેન્દ્રોમાં પણ વોટરબેગનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળા પરિવાર અને શિક્ષકોએ દાતાની સેવાભાવના તથા વતનપ્રેમની પ્રશંસા કરી તેમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## લીલીયામાં મચ્છરોના ઉપદ્રવ અંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખે જિલ્લા આરોગ્ય અધિકારીને પત્ર પાઠવ્યો

### ગામમાં રોગચાળો અટકાવવા તાત્કાલિક ફોગિંગ તેમજ જરૂરી દવાનો છંટકાવ કરવા કરી માગણી

લીલીયા મોટા,તા.૨૯

લીલીયા મોટા તાલુકા કોંગ્રેસ પ્રમુખ નીતિનભાઈ ત્રિવેદીએ જિલ્લા આરોગ્ય અધિકારીને પત્ર પાઠવી લીલીયા ગામમાં વધેલા મચ્છરોના ઉપદ્રવ અંગે રજૂઆત કરી છે. હાલ ચોમાસાની ઋતુને કારણે ડેન્ગ્યુ અને મેલેરિયા જેવા મચ્છરજન્ય રોગો ફેલાવાની શક્યતા વધી ગઈ છે, જેનાથી ગ્રામજનોમાં ભયનો માહોલ



જોવા મળી રહ્યો છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખી તેમણે લીલીયા ગામમાં તાત્કાલિક ફોગિંગ કરાવવા તેમજ જરૂરી દવાઓનો છંટકાવ કરીને મચ્છરોનો ઉપદ્રવ નિયંત્રિત કરવા માટે યોગ્ય પગલાં ભરવાની વિનંતી કરી છે, જેથી રોગચાળો અટકાવી શકાય અને ગ્રામજનોને રાહત મળી શકે.

## ઈંગોરાળા ગામે પાણીમાં ડૂબી જવાથી પ્રૌઢનું મોત

લાઠી, તા.૨૯

લાઠીના ઈંગોરાળા ગામે પાણીમાં ડૂબી જવાથી એક પ્રૌઢનું મોત થયું હતું. દેહુરભાઈ વશરામભાઈ જોગરાણા (ઉ.વ.૫૮)એ આપેલી માહિતી/જાહેરાત મુજબ, મનહરભાઈ ભીખાભાઈ પટેલ (ઉ.વ.૭૦) પાણીના વોકળામાં પડી જતાં, ડૂબી જવાથી એમનું મૃત્યુ થયું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા આ અંગે વધુ તપાસ કરી રહ્યા છે.

## ખાંભાના ભુંડણી ગામે ગળાફાંસો ખાવાથી પરિણીતાનું મોત

ખાંભા, તા.૨૯

ખાંભાના ભુંડણી ગામે ગળાફાંસો ખાવાથી પરિણીતાનું મોત થયું હતું. રાજુલાના ભાક્ષી-૧ ગામે રહેતા સુરેશભાઈ હરિભાઈ પીપળીયા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, ભુંડણી ગામે રહેતા શીતલબેન મહેન્દ્રભાઈ કાકલોત (ઉ.વ.૩૩)એ ગળાફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેમનું મોત થયું હતું. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ રવિભાઈ જીવણભાઈ રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલી જિલ્લામાં ૧૪ ઓગસ્ટે ૨૨૭ ટીબી દર્દીઓને નિક્ષય પોષણ કીટનું વિતરણ કરાશે

અમરેલી,તા.૨૯

દેશને ટીબી મુક્ત બનાવવાના સંકલ્પ સાથે અમરેલી જિલ્લામાં પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત આગામી ૧૪ ઓગસ્ટે વિશેષ નિક્ષય પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાશે. જિલ્લામાં હાલમાં ૭૩૦ ટીબી દર્દીઓ સારવાર હેઠળ છે, જેમાંથી ૬૬૫ દર્દીઓએ નિક્ષય પોષણ યોજના માટે સંમતિ આપી છે. અગાઉ ૨૯૧ દર્દીઓને પોષણ કીટ આપવામાં આવી હતી, જ્યારે હવે વધુ ૨૨૭ દર્દીઓને કીટનું વિતરણ કરવામાં આવશે. કાર્યક્રમ માટે અમરેલી, બાબરા, બગસરા, ધારી, જાફરાબાદ, કુકાવાવ, ખાંભા, લાઠી, લીલીયા, રાજુલા અને સાવરકુંડલાના આરોગ્ય કેન્દ્રો ખાતે તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગના કર્મચારીઓ ઉપરાંત વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને નિક્ષય મિત્રો પણ કાર્યક્રમમાં જોડાઈ દર્દીઓને પોષણયુક્ત કીટ અર્પણ કરશે, જેથી દર્દીઓ ઝડપથી સ્વસ્થ બની જિલ્લાને ટીબી મુક્ત બનાવવાના પ્રયાસોને વધુ વેગ મળે.




### અવસાન નોંધ

**ધોરાજી**

ધોરાજી નિવાસી ગુજ્જર સુથાર પ્રવીણભાઈ (આચાર્ય) ગોરધનભાઈના નાના ભાઈ તથા બીપીનભાઈ, પ્રફુલભાઈ, રમેશભાઈના મોટાભાઈ દિનેશભાઈ ગોકળભાઇ મોડાસિયાના ધર્મપત્ની તથા રાહુલભાઈના માતુશ્રી ભાવનાબેનનુ (ઉ.વ.૫૨) તા.૨૮/૦૭/૨૦૨૬ને મંગળવારે દુઃખદ અવસાન થયેલ છે. એમનુ બેસણુ તા. ૩૦/૦૭/૨૦૨૬ને ગુરુવારના રોજ બપોરના ૪ થી ૬ કલાકે પીપળેશ્વર મહાદેવ મંદિર પીપરવાડી ધોરાજી ખાતે રાખેલ છે.

**રાજકોટ**

સ્વર્ગસ્થ રમણીકલાલ હરિલાલ જોશી (કર્મયોગ)ના મોટા પુત્ર સ્વર્ગસ્થ મુકેશભાઈ રમણીકલાલ જોશી, દિનેશભાઈના મોટા ભાઈ તેમજ શોભનાબેન પી. દવે અને સ્વર્ગસ્થ મંજુબેન એમ. ઠાકરના નાના ભાઈ, અક્ષય તથા દેવાંગીના પિતાશ્રી, રિદ્ધિબેન તથા પૂર્ણેન્દુના સસરાશ્રી અને સ્વર્ગસ્થ ભાનુશંકર બી. વ્યાસ (માંડવી)ના જમાઈનું તા.૨૭/૦૭/૨૦૨૬, સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સદગતનું બેસણું તા.૩૦/૦૭/૨૦૨૬, ગુરુવારના રોજ ધારેશ્વર મહાદેવ મંદિર, ભક્તિનગર સર્કલ, રાજકોટ ખાતે સાંજે ૫:૦૦ થી ૬:૦૦ વાગ્યા સુધી રાખેલ છે.

**બગસરા**

બગસરા નિવાસી સ્વ. ઠા. જમનાદાસ જીણાભાઇ વસાણીના ધર્મપત્ની અને ચુનીલાલ અમૃતલાલ પોપટના દીકરી તથા મિલન અને વૈભવના માતૃશ્રી ચંદ્રિકાબેન જમનાદાસ વસાણીનું દુઃખદ અવસાન તારીખ ૨૮ના રોજ થયેલ છે જેમનું ઉઠમણું અને પિયર પક્ષની સાદડી તારીખ ૩૧ને શુક્રવારના રોજ બપોરે ૪ થી ૬ લોહાણા મહાજન વાડી બગસરા ખાતે રાખેલ છે.




જન્મ મરણ અરજી નં.૬૬/૨૦૨૬

**રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા**

અરજદાર :- થારાણી સફીભાઈ અબુભાઈ
ઉ.વ.:૪૫, ધર્મેઃ મુસ્લિમ, ધંધો : વેપાર
રહે : મુ. ડુંગર,તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : ડુંગર, તા.રાજુલા જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ડુંગર ગામના રહીશ થારાણી સફીભાઈ અબુભાઈની પુત્ર નં.૧ નવાઝ સફીભાઈ થારાણી તા.૧૫/૦૮/૨૦૦૩ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા. (કોર્ટનો સિક્કો) સહી.
તા.૧૧/૦૫/૨૦૨૬ એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

જન્મ મરણ અરજી નં.૬૭/૨૦૨૬

**રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા**

અરજદાર :- થારાણી મહમદહનીફ હાજીભાઈ
ઉ.વ.૬૭, ધર્મેઃ મુસ્લિમ, ધંધો : વેપાર
રહે : ઠે. મોચી ચોક, મહુવા રોડ, કન્યા શાળા નં.૩ પાસે રાજુલા,
તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : ડુંગર, તા.રાજુલા જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ડુંગર ગામના રહીશ થારાણી મહમદહનીફ હાજીભાઈની પુત્ર નં. ૫ ઈમ્તીયાઝ મહમદહનીફ થારાણી તા.૦૭/૦૪/૧૯૯૪ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા. (કોર્ટનો સિક્કો) સહી.
તા.૧૧/૦૫/૨૦૨૬ એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

જન્મ મરણ અરજી નં.૯૪/૨૦૨૬

**રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા**

અરજદાર :- ચૌહાણ ભાણાભાઈ રામભાઈ
ઉ.વ.:૪૫, ધર્મેઃ હિન્દુ, ધંધો : મજુરી
રહે : મુ. સમઢિયાળા-૧, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : સમઢિયાળા-૧, તા.રાજુલા જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના સમઢિયાળા-૧ ગામના રહીશ ચૌહાણ ભાણાભાઈ રામભાઈની પુત્રી નં.૨ ચૌહાણ જાગુબેન ભાણાભાઈની જન્મ તા.૧૫/૦૩/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના સમઢિયાળા-૧ મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા. (કોર્ટનો સિક્કો) સહી.
તા.૧૧/૦૫/૨૦૨૬ એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

જન્મ મરણ અરજી નં.૬૮/૨૦૨૬

**રાજુલાના મહે. એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ. રાજુલા**

અરજદાર :- થારાણી મહમદહનીફ હાજીભાઈ
ઉ.વ.:૬૭, ધર્મેઃ મુસ્લિમ, ધંધો : વેપાર
રહે : ઠે. મોચી ચોક, મહુવા રોડ, કન્યા શાળા નં.૩ પાસે રાજુલા,
તા.રાજુલા જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી
ગામ : ડુંગર, તા.રાજુલા જી.અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના ડુંગર ગામના રહીશ થારણી મહમદહનીફ હાજીભાઈની પુત્ર નં.૩ મુસ્તફા મહમદહનીફ થારાણી તા.૧૫/૦૯/૧૯૮૯ ના રોજ રાજુલા તાલુકાના ડુંગર મુકામે થયેલ હોવાની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી વકીલ શ્રી એ.બી.શિયાળ મારફત અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે જાતે અથવા તેમના મુખત્યાર મારફત સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ રોજ તા. ૧૧ માહે. મે સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા. (કોર્ટનો સિક્કો) સહી.
તા.૧૧/૦૫/૨૦૨૬ એકિઝકયુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

# જનક તળાવીયાના પ્રયાસોથી દુધાળા-બાઇ ગામે ૬૦ હજાર લીટર પાણીની ટાંકી મંજૂર

લાઠી,તા.૨૯

લાઠી તાલુકાના દુધાળા-બાઈ ગામના પીવાના પાણીની સુવિધાને વધુ સુવ્યવસ્થિત બનાવવા રાજ્ય સરકારે રૂ. ૧૮.૮૭ લાખના ખર્ચે ૬૦ હજાર લીટરની ક્ષમતાવાળી ઊંચી પાણીની ટાંકી (ઓવરહેડ વોટર ટાંકી) માટે મંજૂરી આપી છે. આ મહત્વપૂર્ણ વિકાસકાર્ય માટે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રાજ્ય સરકારમાં સતત અસરકારક રજૂઆતો કરી હતી. ગામમાં વધતી વસતિ અને પીવાના પાણીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને લાંબા સમયથી નવી ઊંચી પાણીની ટાંકીની માંગણી થઈ રહી હતી. ધારાસભ્ય જનકભાઈએ આ માંગણીને પ્રાથમિકતા આપતાં સંબંધિત વિભાગ સમક્ષ સતત રજૂઆતો કરી હતી. આ



ટાંકીના નિર્માણ બાદ ગામમાં પીવાના પાણીના સંગ્રહ અને વિતરણ વ્યવસ્થામાં નોંધપાત્ર સુધારો થશે. ઉનાળાની ઋતુમાં પાણીની અછત જેવી સમસ્યાઓમાં પણ રાહત મળશે અને ગામના દરેક વિસ્તારમાં વધુ સુવ્યવસ્થિત રીતે પાણી પહોંચાડવામાં મદદ મળશે. ગામના સરપંચ, પંચાયતના સભ્યો તથા ગ્રામજનોએ આ મહત્વપૂર્ણ વિકાસકાર્ય માટે રાજ્ય સરકાર અને ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ગજેરા કેમ્પસ-વિદ્યાસભાની ટીમે જુનિયર સ્ટેટ હેન્ડબોલ ટુર્નામેન્ટમાં રજત પદક મેળવ્યો

અમરેલી,તા.૨૯

ગુજરાત હેન્ડબોલ એસોસિયેશન દ્વારા અમદાવાદમાં જુનિયર હેન્ડબોલ સ્ટેટ ચેમ્પિયનશીપનું આયોજન ૧૮થી ૨૧ જુલાઈના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં ગજેરા કેમ્પસ – વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ સતત શ્રેષ્ઠ પ્રદર્શન કરીને ફાઈનલ સુધીની સફર સફળ બનાવી રજત પદક મેળવ્યો હતો. જેમાં આ સંસ્થાના




૧) સોલંકી વિજય, ૨) બારૈયા રાહુલ, ૩) બાભરોલીયા નૈતિક, ૪) વેગડ અરૂણ, ૫) બલદાણીયા રાહુલ, ૬) લકુમ હાર્દિક, ૭)શિયાળ વિજય, ૮) બલદાણીયા આદિત્ય, ૯) મેણીયા હાર્દિક, ૧૦) ધાપા સાવન, ૧૧) રાઠોડ ઈશાન, ૧૨) બારૈયા વિશાલ, ૧૩)ગોહિલ પાર્થ, ૧૪)મોર્ય અંશ, ૧૫)ડાભી હાર્દિક, ૧૬) ચૌહાણ નવિને મેડલ જીતી અમરેલી જિલ્લાનું નામ રાજ્ય સ્તરે ઉજાગર કર્યું છે. આ સિધ્ધ બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ટીમ, કોચ રવિભાઈ નાવડિયા અને ટ્રેનર કમલેશભાઈ ભાલીયા, ભૂમિબેન ડાંગરને અભિનંદન પાઠવ્યા હતા.

# લાઠી ITI ખાતે આજે રોજગાર ભરતીમેળો

લાઠી,તા.૨૯

અમરેલી જિલ્લા રોજગાર વિનિમય કચેરી અને ઔદ્યોગિક તાલીમ સંસ્થા (ITI) લાઠીના સંયુક્ત ઉપક્રમે અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળો ૩૦ જુલાઈ, ગુરુવારે સવારે ૧૧ વાગ્યે ITI લાઠી ખાતે યોજાશે. મેળામાં EDF ઈન્ટરનેશનલ નેટવર્ક્સ કંપની દ્વારા સ્માર્ટ મીટર ઈન્સ્ટોલરની જગ્યાઓ માટે ભરતી કરવામાં આવશે. ઉમેદવારોની વય ૧૮થી ૫૦ વર્ષ વચ્ચે હોવી જરૂરી છે. ITI ઈલેક્ટ્રીશિયન અથવા વાયરમેન સાથે ધોરણ ૧૦ અથવા ૧૨ પાસ અને એક વર્ષનો અનુભવ આવશ્યક રહેશે. પસંદગી પામનાર ઉમેદવારોને રૂ. ૨૫ હજાર માસિક વેતન મળશે અને કામગીરી અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં રહેશે. આ ભરતીમાં માત્ર પુરુષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉમેદવારોએ જરૂરી શૈક્ષણિક પ્રમાણપત્રો, આધારકાર્ડ અને બાયોડેટા સાથે હાજર રહેવાનું રહેશે.

# શ્રીજી વિદ્યાર્થી ભુવન-અમરેલીમાં 'સામાન્ય જ્ઞાન કસોટી'નું આયોજન

અમરેલી,તા.૨૯

શ્રીજી વિદ્યાર્થી ભુવન, અમરેલી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે જ્ઞાન, સંસ્કાર અને પ્રતિભા વધારતી વિવિધ પ્રવૃત્તિઓનું નિરંતર આયોજન કરવામાં આવે છે. શાળામાં માત્ર પુસ્તકીય જ્ઞાન જ નહીં, પરંતુ જીવનઉપયોગી શિક્ષણ આપવા પર વિશેષ ભાર મૂકાય છે.તાજેતરમાં



ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીના ભાગરૂપે 'સામાન્ય જ્ઞાન કસોટી' યોજાઈ હતી. જેમાં ધર્મ, સંસ્કૃતિ, ઈતિહાસ, ભૂગોળ અને સાંપ્રત પ્રવાહોને આવરી લેતા વિકલ્પ આધારિત પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરાયા હતા. આ સફળ આયોજન બદલ સંસ્થાના વ્યવસ્થાપક દીપકભાઈ વઘાસિયા અને વિલાસબેન વઘાસિયાએ વિદ્યાર્થીઓ તથા સ્ટાફગણને હાર્દિક અભિનંદન અને શુભકામનાઓ પાઠવી હતી.

# પીઠવડી ગામના પુરુષનું ટ્રેક્ટરના વ્હીલ નીચે આવી જતાં સારવાર દરમિયાન મોત

સાવરકુંડલા, તા. ૨૯

સાવરકુંડલાના પીઠવડી ગામના એક પુરુષનું ટ્રેક્ટરના વ્હીલ નીચે આવી જતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

બનાવ અંગે મંજુલાબેન હિંમતભાઈ રાઠોડ (ઉં.વ.૪૩)ના જણાવ્યા મુજબ, તેમના પતિ હિંમતભાઈ ભીખાભાઈ રાઠોડ (ઉં.વ.૪૩) મેવાસા ગામે વાડીએ ટ્રેક્ટર ચલાવતી વખતે અચાનક નીચે પડી ગયા હતા. જેના કારણે ટ્રેક્ટરના વ્હીલ નીચે આવી જવાથી ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર દરમિયાન તેમનું અવસાન થયું હતું. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ. વિંઝુડા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલી કે. કે. પારેખ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓ પ્રધાનમંત્રીના વર્ચ્યુઅલ સંવાદમાં જોડાયા

અમરેલી,તા.૨૯



અમરેલીની શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ સંચાલિત કે. કે. પારેખ કોમર્સ કોલેજના ૧૦ વિદ્યાર્થીઓએ "વર્ચ્યુઅલ ઈન્ટરેક્શન વિથ પ્રાઈમ મિનિસ્ટર" કાર્યક્રમમાં ભાગ લીધો હતો. માય ભારત પોર્ટલ પર નોંધાયેલા દેશભરના વિદ્યાર્થીઓ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. અમરેલી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં કોલેજના એન.સી.સી.ના પાંચ અને એન.એસ.એસ.ના પાંચ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. સંવાદ દરમિયાન સરહદી ગામોની મુલાકાત લેનારા વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજૂ કર્યા હતા

# અમરેલીમાં વેપારીએ 'દુકાનમાં આવી રીતે ડોકિયાં કરશો નહીં' તેમ કહેતા મૂઢ માર માર્યો

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

અમરેલી,તા.૨૯

અમરેલીમાં વેપારીએ દુકાનમાં આવી રીતે ડોકિયાં કરશો નહીં તેમ કહેતા મૂઢ માર માર્યો હતો. બનાવ સંદર્ભે ચંદ્રેશભાઈ જયંતીલાલ સાંગાણી (ઉં.વ.૬૦) એ અમિતભાઈ મુકેશભાઈ બાંભરોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની માલિકીની દુકાન પર મહિલા ગ્રાહક આવ્યા હતા ત્યારે આ આરોપી તેમની દુકાનમાં ડોકિયાં કરતો હતો. જેથી તેમણે આરોપીને "આવી રીતે ડોકિયાં કરશો નહીં" તેમ કહેતા ઉશ્કેરાઈને જેમ ફાવે તેમ ભૂંડી ગાળો આપી, જમણા ગાલે ઝાપટ મારી, લોખંડનો પાઈપ લઈને ડાબા પગે, જમણા પગે તથા જમણા હાથમાં મારી મૂઢ ઈજા કરી હતી. તેમજ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

# જીરા રેલ્વે સ્ટેશનના ટ્રેકના કારણે સા.કુંડલાના શેત્રુંજી કાંઠાના બોરાળા સહિત ૧૮ ગામો પૂરથી પ્રભાવિત

સાવરકુંડલા,તા.૨૯

સાવરકુંડલા તાલુકામાં છેલ્લા દસ દિવસમાં બે વખત મૂશળધાર વરસાદને કારણે શેત્રુંજી નદીના કાંઠા વિસ્તારના ૧૮ જેટલા ગામ પૂરથી પ્રભાવિત થયા હતા. તેમાં પણ ખાસ તો બોરાળા ગામ થોડા કલાકો માટે સંપૂર્ણપણે સંપર્ક વિહીન બની ગયું હતું. ગ્રામજનોના મતે આ વિસ્તારમાં પાણી વધુ પ્રમાણમાં



ભરાઈ જવાનું મુખ્ય કારણ જીરા રોડ રેલવે સ્ટેશનનો ટ્રેક છે. આ ટ્રેક પર બે નાના પુલ બનાવવામાં આવ્યા હોવા છતાં પાણીનો નિકાલ યોગ્ય રીતે થઈ શકતો નથી, જેના કારણે બોરાળા અને આસપાસના વિસ્તારમાં પાણી ભરાઈ જાય છે. આ પૂરને કારણે આશરે ૧૬૦૦ એકર જમીન ડૂબી અને ધોવાઈ ગઈ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ એકમ
તા.૩૦-૦૭-૨૦૨૬, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૪૦,
સૂર્યાસ્ત-૦૭:૧૩, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ શ્રાવણ

## દૈનિક રાશિફળ

તા.૩૦-૦૭-૨૦૨૬ ગુરૂવાર

મેષ:આજનો દિવસ કોઈ શુભ દિવસ છે અને નવા ધંધા માટે નવી યોજનાઓ બનશે. આજે તમે તમારા દેવાની ચૂકવણી કરવામાં લાભ મેળવશો.

વૃષભઃ આજે દરેક બાબતમાં તમારા થોડું સાવધાન રહેવાની જરૂર છે. વ્યવસાયમાં કોઈ સોદો કરતા પહેલા તમામ પાસાં તપાસો. શક્તિમાં વધારો થવાના સંકેતો છે.

મિથુનઃ આજનો દિવસ શુભ દિવસ છે અને આજે બનાવેલું કામ પૂર્ણ થશે અને શુભ પરિણામ પ્રાપ્ત થશે. કોઈ પણ કાર્ય કાળજીથી કરો.

કર્કઃ આજે તમને જોઈતું કામ કરવાની તક મળશે. જો તમે આ સમયે ઘરેથી કામ કરી રહ્યા છો, તો તમારા બધા કામમાં તમને લાભ મળશે.

સિંહઃ આજે તમને રોકાણમાં નુકસાન થઈ શકે છે, તેથી ગમે ત્યાં પૈસાની લાલચ આપતા પહેલા એકવાર વિચાર કરો. ભૌતિક સુખનાં માધ્યમોમાં વધારો થશે.

કન્યાઃ આજે તમારો દિવસ છે તે શુભ છે અને જો તમને ગ્રહોની શુભ દશા મળશે તો ખરાબ કાર્યો થશે. આજે તમને ઓફિસમાં સહયોગીઓની મદદ મળશે.

તુલાઃ આજના દિવસે તમે તમારા મનને કેન્દ્રિત કરીને તમારા અધૂરા કાર્યોને પતાવટ કરવાનો પ્રયાસ કરશો અને તેમાં સફળતા મળશે.

વૃશ્ચિકઃ આજનો દિવસ વિશેષ છે અને તમને આનંદદાયક પરિણામ મળશે. બિનજરૂરી વિવાદથી મુક્તિ મળશે. તમારા ખર્ચ ઘટાડીને તમારી અર્થવ્યવસ્થા મજબૂત થશે.

ધનઃ આજે ગ્રહોની રાશિ પર તમારી ખાસ કૃપા છે. આજે ભૌતિક સુખ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થશે. સબંધીઓ સાથે આત્મીયતા વધશે અને તમારા સંબંધોમાં સુધાર થશે.

મકરઃ આજનો શુભ તમને કોઈ સારા સમાચાર સાંભળી શકે છે. મિત્રો અને સ્વજનો તરફથી કોઈ શુભ સમાચાર મળતાં મન પ્રસન્ન રહેશે અને આનંદ થશે.

કુંભઃ આજનો દિવસ તમારા માટે વિશેષ ફાયદાકારક સાબિત થઈ શકે છે અને આજે તમને વૃધ્ધ મિત્રોની મદદથી ક્ષેત્રમાં સુસંગતતા મળશે.

મીન:આજે પૈસા વધુ ખર્ચ થશે. જો તમે કોઈ બાંધકામના કામમાં રોકાયેલા છો તો આજે તેના પર વધુ પૈસા ખર્ચ થશે. આ સમયે તમારે પૈસાના ખર્ચ પર થોડું નિયંત્રણ રાખવાની જરૂર છે.

# મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અમરેલીનું SYBA Sem-૪માં ૯૧.૬૦% જલવંત પરિણામ

અમરેલી,તા.૨૯

એપ્રિલ-૨૦૨૬માં લેવાયેલ એસ.વાય.બી.એ. (સેમેસ્ટર-૦૪) ની પરીક્ષામાં મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીનું ૯૧.૬૦% ઉત્કૃષ્ટ પરિણામ આવ્યું છે. આ પરીક્ષામાં મુખ્ય સમાજશાસ્ત્ર વિષય સાથે ડાભી ધ્રુવી બાબુભાઈએ



૮૯.૬૪% ગુણ મેળવી પ્રથમ, કલસારા દષ્ટિ મયુરભાઈએ ૮૮.૩૬% સાથે દ્વિતીય અને શાહમદાર અમીના સીરાજશાએ ૮૮.૧૮% ગુણ સાથે તૃતીય ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. કોલેજના અધ્યાપકોનું યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીનીઓની મહેનત આ ઝળહળતી સફળતાનું મુખ્ય કારણ છે.

આ ગૌરવવંત સિદ્ધિ બદલ સંસ્થાના સ્ટાફમિત્રો અને વિદ્યાસભાના પદાધિકારીઓએ તમામ વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા છે.

# ખાંભાના પચપચીયા ગામે ખેડૂતના ઘરમાંથી રૂ. ૧.૫૫ લાખની ચોરી

**સોનું અને ચાંદી પણ ઉઠાવી ગયા**

ખાંભા, તા. ૨૯

ખાંભાના પચપચીયા ગામે ખેડૂતના ઘરમાંથી રોકડા એક લાખ સહિત રૂ. ૧.૫૫ લાખની ચોરી થતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ સંદર્ભે ગોરધનભાઈ પ્રાગજીભાઈ પીપલીયા (ઉ.વ. ૬૬)એ જાહેર કર્યા મુજબ, કોઈ અજાણ્યા ચોર ઈસમે તેમના બંધ મકાનમાં અંદર પ્રવેશ કરી લોખંડના કબાટમાં રહેલી તિજોરી તોડીને તેમાં રાખેલા રોકડા રૂ. ૧,૦૦,૦૦૦ તથા તિજોરીમાં રાખેલા એક સોનાનો દોરો, ખમીસમાં પહેરવાના ત્રણ સોનાના બટન, ચાંદીનો કમરે પહેરવાનો કંદોરો, એક જોડ પગમાં પહેરવાની ઝાંઝરી મળી કુલ રૂ. ૧,૫૫,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી. એમ. જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

**બાબરાના કોટડાપીઠા ગામનો બનાવ**

# અહીંયા તમારા માલઢોર લઈને આવતા નહીં કહેતાં જાનથી મારવાની ધમકી આપી

**બંને પક્ષોએ સામાસામી ફરિયાદ નોંધાવી**

બાબરા, તા. ૨૯

બાબરાના કોટડાપીઠા ગામે "તમે અહીંયા તમારા માલઢોર લઈને આવતા નહીં" તેમ કહેતાં જાનથી મારવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે બંને પક્ષોએ સામાસામી ફરિયાદ નોંધાવી હતી. વિભાભાઈ નથુભાઈ ગળિયા (ઉં.વ. ૫૫)એ રમેશભાઈ લાખાભાઈ ગમારા, ઘૂઘાભાઈ બાવાભાઈ મૂંધવા, વિજયભાઈ નથુભાઈ મૂંધવા તથા વનરાજભાઈ રૂપાભાઈ મૂંધવા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ કોટડાપીઠા ગામે ગોદડ આપાવાળી વીડમાં આવેલ ગોદડ આપા સુરાપુરાના મંદિરે હતા ત્યારે આરોપીઓ પોતાના માલઢોર લઈને આવતાં તેમણે આરોપીઓને કહ્યું કે, "આ વીડ મારા પગીપણામાં ૩૫ વર્ષથી મારી પાસે છે, તેથી તમે અહીંયા તમારા માલઢોર લઈને આવતા નહીં." આ વાત આરોપીઓને સારી ન લાગતાં તેમણે કુહાડીનો ઘા માર્યો હતો. ઉપરાંત, પીઠ પાછળ લોખંડના પાઈપનો ઘા મારી માથાના ભાગે ઈજા પહોંચાડી હતી તથા શરીરે મૂંઢ ઈજા કરી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ રમેશભાઈ લાખાભાઈ ગમારા (ઉં.વ. ૩૭) એ વિભાભાઈ નથુભાઈ ગળિયા તથા હિતેશભાઈ વિભાભાઈ ગળિયા સામે ફરિયાદ નોંધાવી હતી. તે મુજબ તેઓ કોટડાપીઠા ગામેથી પોતાની મોટરસાઈકલ લઈને પાંચવડાની 'કહ' નામથી ઓળખાતી સીમમાં નીરણ લેવા જતા હતા, ત્યારે આરોપી વિભાભાઈ ગળિયાએ તેમને ઊભા રાખીને કહ્યું કે, "આ ગોદડ આપાવાળી વીડ મારા પગીપણામાં છે, તારે તારા માલઢોર લઈને અહીંયા આવવું નહીં." આથી તેમણે પુરાવો માગતાં આરોપીને સારું ન લાગતાં ગળચી પકડી પોતાની પાસે રહેલી છરી કાઢી તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઉપરાંત હિતેશભાઈ ગળિયાએ પોતાના ઘર બહાર શેરીમાં છરી લઈને તેમનાં પત્ની તથા સાહેદને કણુકીના પાટિયા પાસે "તેમને જાનથી મારી નાખવા છે" તેવી ધમકી આપી હતી.આ મામલે બાબરા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે. સી. સોલંકી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# બાબરાના દરેડ ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

બાબરા, તા. ૨૯

બાબરાના દરેડ ગામેથી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. આ અંગે મેસુરભાઈ ઉર્ફે દિલીપભાઈ જસાભાઈ ગરૈયા (ઉ.વ. ૪૦)એ જાહેર કર્યા મુજબ, ક્રિષ્નાબેન કાળુભાઈ ગરૈયા (ઉ.વ. ૨૩) પોતાના ઘરેથી કોઈને કહ્યા વગર ક્યાંક જતી રહી હતી. સગાં-સંબંધીઓમાં તપાસ કરવા છતાં તેણીની કોઈ ભાળ મળી નહોતી.

તંત્રી લેખ

# વિશ્વની સૌથી મોટી પરીક્ષા સુધારણા સિસ્ટમ

NEET-UG પરીક્ષામાં પ્રશ્નપત્ર લીક થયાના આરોપોએ સમગ્ર દેશને ચોંકાવી દીધો હતો. લાખો વિદ્યાર્થીઓની મહેનત, તેમના સપનાઓ અને પરીક્ષા પ્રણાલી પ્રત્યેનો વિશ્વાસ એક જ ઘટનાથી હચમચી ગયો હતો. પરંતુ આ કટોકટી પછી દેશમાં જે સુધારાત્મક પગલાં લેવામાં આવ્યા, તે લોકશાહી અને શિક્ષણ વ્યવસ્થા માટે એક મહત્વપૂર્ણ સંદેશ બની રહ્યા છે. સરકાર, ન્યાયપાલિકા અને યુવાનોના સંયુક્ત પ્રયાસોએ પરીક્ષા પ્રણાલીમાં સુધારાની નવી આશા જગાવી છે. આ સમગ્ર ઘટનાની સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે સરકારે વિદ્યાર્થીઓની ચિંતાઓને ગંભીરતાથી લીધી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરમાં જણાવ્યું કે દેશની પરીક્ષા પ્રણાલી વધુ પારદર્શક, વિશ્વસનીય અને ટેકનોલોજી આધારિત બનવી જોઈએ. આ હેતુથી તેમણે એક ઉચ્ચસ્તરીય ટાસ્ક ફોર્સની રચનાની જાહેરાત કરી, જેના નેતૃત્વ માટે ટેકનોલોજી ક્ષેત્રના જાણીતા નિષ્ણાત નંદન નીલકણીની પસંદગી કરવામાં આવી. આધાર જેવી સફળ ડિજિટલ ઓળખ પ્રણાલીનું નિર્માણ કરનાર નીલકણી હવે પરીક્ષા વ્યવસ્થામાં આધુનિક સુધારાઓ લાવવા માટે કાર્ય કરશે. સરકારે પરીક્ષાઓમાં ગેરરીતિઓ અટકાવવા માટે કડક કાયદાની પણ જાહેરાત કરી છે. નવા કાયદા હેઠળ પ્રશ્નપત્ર લીક, નકલ અને અન્ય ગેરરીતિઓમાં સંડોવાયેલા લોકો માટે કડક સજા અને ભારે દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ કાયદાનો મુખ્ય હેતુ માત્ર દોષિતોને સજા આપવાનો નથી, પરંતુ ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે મજબૂત વ્યવસ્થા ઊભી કરવાનો છે. વિદ્યાર્થીઓના હિતમાં લેવામાં આવેલા અન્ય મહત્વપૂર્ણ નિર્ણયોમાં વિરોધ દરમિયાન ધરપકડ કરાયેલા વિદ્યાર્થીઓ સામેના કેસો પાછા ખેંચવાનો નિર્ણય પણ સામેલ છે. કેટલાક રાજ્યોએ આવા વિદ્યાર્થીઓને રાહત આપતાં તેમની મુક્તિની પ્રક્રિયા શરૂ કરી. આ પગલાંથી હજારો વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોને રાહત મળી અને સરકારની સંવેદનશીલતા પણ સ્પષ્ટ થઈ. સુપ્રીમ કોર્ટે પણ આ સમગ્ર મામલે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી. કોર્ટે નાની ઉંમરના અને ગુનાહિત ઈતિહાસ ન ધરાવતા અટકાયતી વિદ્યાર્થીઓને મુક્ત કરવાનો આદેશ આપ્યો. આ નિર્ણયથી શાંતિપૂર્ણ વિરોધ કરનારા વિદ્યાર્થીઓ અને હિંસક તત્વો વચ્ચે સ્પષ્ટ ભેદ કરવામાં આવ્યો. ન્યાયતંત્રના આ હસ્તક્ષેપે લોકશાહીમાં ન્યાય અને સંતુલનનું મહત્વ ફરી એકવાર ઉજાગર કર્યું. આ સમગ્ર ઘટનાએ એ પણ દર્શાવ્યું કે યુવાનો પોતાની વાત શાંતિપૂર્ણ રીતે રજૂ કરે તો લોકશાહી વ્યવસ્થા તેને સાંભળવા અને યોગ્ય પગલાં લેવા સક્ષમ છે. સંવાદ અને સહકાર દ્વારા શિક્ષણ પ્રણાલીમાં સુધારાની દિશામાં મહત્વપૂર્ણ શરૂઆત થઈ છે. આ સુધારાઓ માત્ર એક પરીક્ષા પૂરતા મર્યાદિત નથી. ડિજિટલ ટેકનોલોજી, પારદર્શિતા અને આધુનિક વ્યવસ્થાના ઉપયોગથી ભવિષ્યમાં સમગ્ર પરીક્ષા પ્રણાલીને વધુ સુરક્ષિત અને વિશ્વસનીય બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આજના ટેકનોલોજીના યુગમાં આવી પહેલ દેશના શિક્ષણ ક્ષેત્ર માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. અંતમાં કહી શકાય કે NEET-UG વિવાદ દેશ માટે એક પડકાર હતો, પરંતુ તેમાંથી શિક્ષણ પ્રણાલીમાં સુધારાની નવી દિશા પણ મળી છે. જો તમામ પક્ષો પારદર્શિતા, જવાબદારી અને વિદ્યાર્થીઓના હિતને પ્રાથમિકતા આપીને કાર્ય કરશે, તો ભારતની પરીક્ષા પ્રણાલી વધુ મજબૂત અને વિશ્વસનીય બની શકે છે. આ ઘટના આપણને શીખવે છે કે યોગ્ય સંવાદ, સહકાર અને સુધારાત્મક દૃષ્ટિકોણ દ્વારા કોઈપણ કટોકટી વિકાસનું કારણ બની શકે છે.

# વિશ્વના બદલાતા પર્યાવરણની સાથે વરસાદની ઓળખ પણ ધીમે ધીમે બદલાઈ ચૂકી છે



પ્રાસંગિક
સુરેશ દેસાઈ


આપણે એવા યુગમાં જીવી રહ્યા છીએ જ્યાં હવામાનની આગાહીઓ ઘણી વખત જૂની પડી જાય છે. વર્ષ ૨૦૨૬નો ઉનાળો વિશ્વ માટે માત્ર એક ઋતુ નહીં, પરંતુ આબોહવા પરિવર્તનની ગંભીર ચેતવણી તરીકે યાદ રાખવામાં આવશે. યુરોપમાં રેકોર્ડબ્રેક ગરમીના મોજાંએ લાખો લોકોને અસર કરી, ભારતના રાજસ્થાનમાં તાપમાન ૫૧ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું અને અમેરિકાના ફિનિક્સ શહેરમાં સતત ૪૫ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન સામાન્ય ઘટના બની ગયું. વિશ્વ હવામાન સંગઠન (WMO)ના અંદાજ મુજબ ૨૦૨૬થી ૨૦૩૦ દરમિયાન વૈશ્વિક સરેરાશ તાપમાન ઔદ્યોગિક યુગ પહેલાંની સરખામણીએ ૧.૩થી ૧.૯ ડિગ્રી સેલ્સિયસ સુધી વધી શકે છે. આ સમયગાળા દરમિયાન ૧.૫ ડિગ્રી સેલ્સિયસની મર્યાદા વટાવવાની સંભાવના લગભગ ૭૫ ટકા છે. આ આંકડા માત્ર વૈજ્ઞાનિક માહિતી નથી, પરંતુ માનવજાત માટે ગંભીર ચેતવણી છે. વધતું તાપમાન વરસાદના ચક્રને અસંતુલિત બનાવી રહ્યું છે. ક્યાંક અતિવર્ષા થઈ રહી છે તો ક્યાંક લાંબા સમય સુધી વરસાદ ન પડતા દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ૨૦૨૬માં આ વિરોધાભાસ સ્પષ્ટપણે જોવા મળ્યો. યુરોપની ફ્રાન્સની ગેરોન અને ઈટાલીની પો જેવી નદીઓમાં પાણીનું સ્તર ઐતિહાસિક રીતે ઘટી ગયું, જ્યારે બ્રાઝિલ, આર્જેન્ટિના અને ચિલીમાં ભારે વરસાદના કારણે નદીઓમાં પૂર આવ્યું. ચીનમાં ૬૦૯ નદીઓના પાણીના સ્તરે ચેતવણીની મર્યાદા વટાવી, જે છેલ્લા પાંચ વર્ષના સરેરાશ કરતાં લગભગ ૩૫ ટકા વધારે હતું. આ પરિસ્થિતિ પાછળનું એક મુખ્ય કારણ એલ નિન્યો છે. પ્રશાંત મહાસાગરના મધ્ય અને પૂર્વ ભાગમાં સમુદ્રનું પાણી અસામાન્ય રીતે ગરમ થતાં સમગ્ર વિશ્વના હવામાનમાં મોટા ફેરફારો જોવા મળે છે. WMOના અનુમાન મુજબ ૨૦૨૬ દરમિયાન એલ નિન્યો વધુ પ્રબળ બનવાની શક્યતા છે. યુરોપિયન સેન્ટર ફોર મીડિયમ-રેન્જ વેધર ફોરકાસ્ટ્સના નિષ્ણાતોનું માનવું છે કે આ વખતનું એલ નિન્યો છેલ્લા ત્રણ દાયકાની સરખામણીએ વધુ અસામાન્ય અને તીવ્ર બની શકે છે. અતિવર્ષા હવે માત્ર ભારે વરસાદ પૂરતી મર્યાદિત રહી નથી. તે વાતાવરણની વધતી અસ્થિરતાનું સ્પષ્ટ લક્ષણ છે. ૨૦૨૬માં ચીનના ઉત્તર ભાગમાં સરેરાશ કરતાં ૨૩ ટકા વધુ વરસાદ નોંધાયો અને હેબેઈ તથા તિયાનજિનમાં ૧૯૬૧ પછીનો સૌથી વધુ વરસાદ પડ્યો. ભારત, પાકિસ્તાન અને નેપાળમાં સતત ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ સર્જાઈ અને સેંકડો લોકોના જીવ ગયા. વૈજ્ઞાનિકો સમજાવે છે કે વાતાવરણમાં દરેક એક ડિગ્રી સેલ્સિયસ તાપમાન વધવાથી તે લગભગ ૭ ટકા વધુ ભેજ સંગ્રહિત કરી શકે છે. પરિણામે જ્યારે વરસાદ પડે છે ત્યારે તે ટૂંકા સમયમાં ખૂબ જ ભારે માત્રામાં વરસે છે. બીજી તરફ, જ્યાં વરસાદ અતિશય થઈ રહ્યો છે ત્યાં કેટલાક વિસ્તારોમાં વરસાદની ગંભીર અછત પણ જોવા મળી રહી છે. ભારતીય હવામાન વિભાગના અંદાજ મુજબ ૨૦૨૬નું ચોમાસું સરેરાશ કરતાં માત્ર ૯૦થી ૯૨ ટકા વરસાદ આપશે, જે છેલ્લા ઘણા વર્ષોમાં સૌથી ઓછું માનવામાં આવે છે. દેશની અનેક જળાશયોમાં પાણીનો સંગ્રહ નોંધપાત્ર રીતે ઘટ્યો છે. આ સ્થિતિની સીધી અસર ખેતી, પીવાના પાણી અને વીજ ઉત્પાદન પર પડી રહી છે. જો એલ નિન્યોની અસર લાંબા સમય સુધી રહે તો ચોખા અને ઘઉંના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે, જેના કારણે ખાદ્ય સુરક્ષા અને મોંઘવારી બંને પર અસર પડશે. ક્લાઈમેટ ચેન્જનું વધુ એક ગંભીર પાસું છે સમુદ્રની સપાટીમાં વધારો. IPCCના અંદાજ મુજબ વર્ષ ૨૧૦૦ સુધીમાં સમુદ્રની સપાટી ૦.૨૮થી ૧ મીટર સુધી વધી શકે છે. જોકે તાજેતરના સંશોધનો દર્શાવે છે કે કેટલાક વિસ્તારોમાં આ વધારો અગાઉના અંદાજ કરતાં વધુ હોઈ શકે છે. વૈજ્ઞાનિકોએ નોંધ્યું છે કે દક્ષિણ ગોળાર્ધના કેટલાક દરિયાકાંઠાના વિસ્તારોમાં સમુદ્રની સપાટી વધવાની ગતિ અગાઉ ધારેલા કરતાં ઘણી વધુ છે. જમીનનું ધીમે ધીમે ધસી જવું (Subsidence) પણ આ જોખમને વધુ ગંભીર બનાવી રહ્યું છે. વિશ્વની લગભગ ૭૧ ટકા દરિયાકાંઠાની વસ્તી એવા વિસ્તારોમાં રહે છે જ્યાં જમીન ધીમે ધીમે નીચે જઈ રહી છે. દક્ષિણ ધ્રુવનો થવેઈટ્સ ગ્લેશિયર, જેને 'ડૂમ્સડે ગ્લેશિયર' તરીકે ઓળખવામાં આવે છે, વૈશ્વિક દરિયાઈ સપાટી માટે સૌથી મોટો ખતરો માનવામાં આવે છે. તેનું કદ લગભગ બ્રિટન જેટલું છે અને તેનું સતત પીગળવું દરિયાની સપાટી વધારવામાં મહત્વપૂર્ણ ફાળો આપી રહ્યું છે. જો આ ગ્લેશિયર સંપૂર્ણપણે પીગળી જાય તો વૈશ્વિક સમુદ્ર સપાટી લગભગ ૬૫ સેન્ટિમીટર વધી શકે છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે તેના કારણે સમગ્ર પશ્ચિમ એન્ટાર્કટિક બરફની ચાદર અસ્થિર બની શકે છે, જેના પરિણામે દરિયાની સપાટી અનેક મીટર સુધી વધી શકે છે. આબોહવા પરિવર્તનની અસર માત્ર પર્યાવરણ પૂરતી મર્યાદિત નથી. તેની સીધી અસર અર્થતંત્ર, આરોગ્ય, ખેતી અને સમાજ પર પણ પડી રહી છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલ મુજબ ૨૦૧૫ પછી આબોહવા સંબંધિત આપત્તિઓથી પ્રભાવિત લોકોની સંખ્યા બમણી થઈ ગઈ છે. યુનિસેફના અહેવાલ અનુસાર વિશ્વના લગભગ ૧૧૦ કરોડ બાળકો ઓછામાં ઓછા ત્રણ પ્રકારના આબોહવા જોખમોનો સામનો કરી રહ્યા છે. ભારે ગરમી, લાંબો સૂકો અને અતિવૃષ્ટિ બાળકોના સ્વાસ્થ્ય, શિક્ષણ અને ભવિષ્ય માટે ગંભીર પડકાર બની રહ્યા છે. આર્થિક રીતે પણ ક્લાઈમેટ ચેન્જનો ખર્ચ ઝડપથી વધી રહ્યો છે. વિવિધ આંતરરાષ્ટ્રીય અહેવાલો મુજબ આગામી દાયકાઓમાં વૈશ્વિક અર્થતંત્રને દર વર્ષે અબજો ડોલરનું નુકસાન થઈ શકે છે. કૃષિ ઉત્પાદન ઘટવાથી ખાદ્ય પદાર્થોની કિંમતોમાં વધારો થશે, જ્યારે પૂર, ચક્રવાત અને ગરમીના મોજાં જેવી આપત્તિઓના કારણે સરકારો પર પુનર્વસન અને રાહતનો ખર્ચ પણ વધશે. આ પરિસ્થિતિ સ્પષ્ટ કરે છે કે ક્લાઈમેટ ચેન્જ હવે ભવિષ્યની સમસ્યા નથી; તે આજની વાસ્તવિકતા છે. વરસાદની અનિયમિતતા, અતિવર્ષા, દુષ્કાળ અને સમુદ્રની સપાટીમાં વધારા આ તમામ એક જ સમસ્યાના અલગ-અલગ સ્વરૂપો છે. તેનું મુખ્ય કારણ માનવસર્જિત ગ્રીનહાઉસ વાયુઓનું વધતું ઉત્સર્જન છે. વિજ્ઞાન આપણને આ પડકારને સમજવા માટે જરૂરી માહિતી અને ઉકેલો બંને આપે છે. હવે જવાબદારી સરકારો, ઉદ્યોગો અને દરેક નાગરિકની છે કે તેઓ કાર્બન ઉત્સર્જન ઘટાડે, નવીનીકરણીય ઊર્જાનો વધુ ઉપયોગ કરે, જંગલોનું સંરક્ષણ કરે અને પાણી તથા કુદરતી સંસાધનોનો જવાબદારીપૂર્વક ઉપયોગ કરે. સંવેદનશીલ સમુદાયોને સુરક્ષિત રાખવા માટે સમયસર આયોજન કરવું પણ એટલું જ જરૂરી છે. સમય હજુ સંપૂર્ણપણે હાથમાંથી સરક્યો નથી, પરંતુ તે મર્યાદિત છે. જો આપણે આજે યોગ્ય પગલાં નહીં લઈએ, તો આવનારી પેઢીઓને વધુ ગંભીર આબોહવા સંકટનો સામનો કરવો પડશે. તેથી ક્લાઈમેટ ચેન્જ સામેની લડાઈ માત્ર સરકારોની નહીં, પરંતુ સમગ્ર માનવજાતની સંયુક્ત જવાબદારી છે. આજે લેવાયેલા નિર્ણયો જ આવતીકાલના પૃથ્વીના ભવિષ્યને નક્કી કરશે.

**પર્યાવરણની સાથે સાથે ઋતુચક્ર પણ પ્રભાવિત થઈ રહ્યું છે શિયાળો ઉનાળો અને ચોમાસુ તેની ઓળખ ગુમાવી રહ્યા છે કોઈ જગ્યાએ ધોધમાર વરસાદ તો કોઈ જગ્યાએ અનાવૃષ્ટિ આ બધા પાછળ વિશ્વની બદલાતી પર્યાવરણની પેટર્ન જવાબદાર હોવાનું હવામાન શાસ્ત્રીઓ માને છે.**

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૭૫ | ૧૯૫૦ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૩૫ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૬ |
| જુવાર સફેદ | ૧૦૭૦ | ૧૧૯૦ |
| જુવાર લાલ | ૧૧૪૦ | ૧૩૦૨ |
| બાજરી | ૩૯૦ | ૪૮૧ |
| મકાઇ | ૪૦૦ | ૪૬૦ |
| તુવેર | ૧૦૨૦ | ૧૫૭૫ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૪૧ |
| ચણા સફેદ | ૧૦૮૦ | ૧૮૮૧ |
| અડદ | ૧૬૫૦ | ૧૯૫૦ |
| મગ | ૧૧૦૦ | ૧૭૩૦ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૧૫૧ |
| ચોળી | ૧૩૦૦ | ૧૬૬૫ |
| વટાણા | ૬૧૦ | ૮૫૨ |
| કળથી | ૪૫૦ | ૫૪૦ |
| રાજમા | ૧૪૩૦ | ૨૧૧૨ |
| સીંગદાણા | ૧૮૦૦ | ૨૩૦૦ |
| મગફળી જાડી | ૧૨૨૫ | ૧૬૫૧ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૭૦ |
| તલી | ૨૦૧૦ | ૨૫૨૫ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૦૪ |
| અજમો | ૧૮૭૦ | ૩૧૨૦ |
| સુવા | ૧૦૦૦ | ૧૪૨૪ |
| સોયાબીન | ૧૦૩૫ | ૧૩૫૦ |
| સીંગફાડા | ૧૫૫૦ | ૧૮૧૦ |
| કાળા તલ | ૨૭૨૫ | ૩૭૫૦ |
| લસણ | ૧૧૫૦ | ૨૨૦૦ |
| ધાણા | ૨૪૧૧ | ૨૯૭૦ |
| ધાણી | ૨૪૨૫ | ૩૦૦૦ |
| વરીયાળી | ૧૫૫૬ | ૨૧૫૦ |
| જીરૂ | ૩૩૧૧ | ૪૦૦૪ |
| રાય | ૧૩૪૦ | ૧૮૬૦ |
| મેથી | ૯૬૦ | ૧૬૯૦ |
| ઇસબગુલ | ૧૦૦૦ | ૧૭૦૦ |
| કલોંજી | ૨૯૫૧ | ૩૭૪૪ |
| રાયડો | ૧૨૩૦ | ૧૫૨૩ |
| રજકાનું બી | ૭૩૦૦ | ૧૦૫૦૦ |
| ગુવારનું બી | ૧૦૦૦ | ૧૦૮૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૧૫ | ૯૨૮ |
| પપૈયા | ૨૦૫ | ૪૧૨ |
| બટેટા | ૮૯ | ૩૦૮ |
| ડુંગળી સુકી | ૧૫૧ | ૪૭૫ |
| ટમેટા | ૩૧૧ | ૫૨૧ |
| સુરણ | ૭૯૮ | ૧૦૧૫ |
| કોથમરી | ૧૧૫૫ | ૧૩૮૪ |
| રીંગણા | ૬૮ | ૧૭૦ |
| કોબીજ | ૨૭૭ | ૫૧૨ |
| ફ્લાવર | ૪૨૯ | ૭૨૧ |
| ભીંડો | ૪૫૧ | ૯૧૧ |
| ગુવાર | ૫૯૨ | ૧૩૭૧ |
| ચોળાસીંગ | ૫૧૩ | ૯૬૨ |
| ટીંડોળા | ૩૩૨ | ૭૧૪ |
| દુધી | ૨૪૪ | ૫૪૮ |
| કારેલા | ૧૮૩ | ૪૨૨ |
| સરગવો | ૫૦૩ | ૧૦૧૪ |
| તુરીયા | ૪૧૯ | ૭૨૧ |
| પરવર | ૬૧૪ | ૯૮૫ |
| કાકડી | ૨૫૪ | ૬૮૯ |
| ગાજર | ૩૫૭ | ૫૯૪ |
| વટાણા | ૧૯૨૨ | ૩૦૧૮ |
| ગલકા | ૩૦૫ | ૪૯૯ |
| બીટ | ૩૧૨ | ૫૨૧ |
| મેથી | ૧૪૦૩ | ૧૯૭૮ |
| ડુંગળી લીલી | ૬૨૭ | ૯૫૮ |
| આદુ | ૧૬૨૬ | ૨૬૩૪ |
| મરચા લીલા | ૬૧૯ | ૮૩૨ |
| મકાઇ લીલી | ૨૦૫ | ૪૧૮ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૮૬૧ |
| ઘઉં લોકવન | ૪૮૦ | ૫૯૪ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૭૦૦ |
| મગફળી જીણી | ૧૪૬૬ | ૧૪૬૬ |
| સિંગદાણા જાડા | ૧૫૦૧ | ૨૦૮૧ |
| સિંગ ફાડીયા | ૮૦૧ | ૧૭૮૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૩૯૬ |
| જીરૂ | ૨૩૦૧ | ૪૦૦૧ |
| ક્લંજી | ૧૯૦૧ | ૩૬૦૧ |
| વરીયાળી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ધાણા | ૨૩૦૧ | ૩૦૧૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૧૯૧ |
| ડુંગળી લાલ | ૧૩૧ | ૫૩૬ |
| અડદ | ૮૦૦ | ૧૯૪૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૫૧ |
| રાયડો | ૧૧૪૧ | ૧૪૫૧ |
| રાય | ૯૨૬ | ૧૮૨૧ |
| મેથી | ૮૦૦ | ૧૫૭૬ |
| સુરજમુખી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૬૩૧ |
| ઇસબગુલ | ૧૯૨૧ | ૧૯૨૧ |
| ધાણી | ૨૪૦૧ | ૩૦૬૧ |
| બાજરો | ૩૯૧ | ૩૯૧ |
| જુવાર | ૩૫૧ | ૧૧૧૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૧૦૦૦ | ૧૬૫૧ |
| વાલ | ૩૪૧ | ૧૪૫૧ |
| ચોળા / ચોળી | ૫૦૦ | ૧૧૫૧ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૫૫૧ |
| ગોગળી | ૧૦૦૦ | ૧૩૪૧ |
| વટાણા | ૩૭૧ | ૬૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૬૦૦ |
| ગુવાર | ૧૮૦ | ૨૦૦૦ |
| કોબી | ૨૦૦ | ૬૪૦ |
| દુધી | ૧૮૦ | ૭૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૯૦૦ |
| કાકડી | ૧૮૦ | ૭૦૦ |
| રીંગણા | ૧૦ | ૨૪૦ |
| ભીંડો | ૨૦૦ | ૯૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૨૦૦ | ૭૦૦ |
| ટિંડોરા | ૧૮૦ | ૬૦૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| ડુંગળી પુરા | ૮ | ૨૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૨ | ૫ |
| મૂળા પુરા | ૫ | ૧૦ |
| ચૂરણ | ૯૮૦ | ૧૨૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૧૦૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૭૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૫ |
| બીટ પુરા | ૧૦ | ૨૦ |
| સરગવો પુરા | ૩૦ | ૬૦ |
| ચોરા | ૨૦૦ | ૧૪૦૦ |
| કારેલા | ૨૦૦ | ૮૦૦ |
| વાલોર | ૨૦૦ | ૧૮૦૦ |
| કાચા પોપૈયા | ૧૦૦ | ૪૦૦ |
| આદુ | ૨૦૦ | ૨૮૦૦ |
| ફણશી | ૧૬૦૦ | ૨૨૦૦ |
| મકાઈ ડોડા | ૧૮૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૩ | ૭ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૨૬૫ |
| શિંગદાણા | ૧૪૯૦ | ૨૧૩૫ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૪૫ |
| તલ કાળા | ૨૨૮૦ | ૩૭૯૫ |
| બાજરો | ૪૧૦ | ૫૦૫ |
| જુવાર | ૪૮૫ | ૧૦૫૦ |
| ઘઉં ટુકડા | ૪૬૫ | ૫૮૫ |
| ઘઉં લોકવન | ૫૨૫ | ૫૫૫ |
| ચણા | ૧૦૨૦ | ૧૨૨૦ |
| સફેદ ચણા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| કપાસ | ૧૧૭૦ | ૧૯૪૫ |
| જીરૂ | ૩૭૦૦ | ૩૭૯૫ |
| રાય | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ધાણી | ૨૨૦૦ | ૩૧૦૦ |
| અજમા | ૧૭૪૦ | ૨૫૦૦ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૭૫ |
| સોયાબીન | ૧૩૨૫ | ૧૩૫૫ |
| રજકાનું બી | ૪૫૦૦ | ૭૮૮૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૦૦ | ૨૬૦ |
| રીંગણા | ૧૧૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૮૨૦ | ૯૩૦ |
| કોબીજ | ૫૨૦ | ૬૦૦ |
| શકકરીયા | ૭૨૦ | ૭૯૦ |
| ટમેટાં | ૫૫૦ | ૭૦૦ |
| સુરણ | ૮૨૦ | ૯૫૦ |
| ગાજર | ૬૨૦ | ૭૨૦ |
| દુધી | ૪૦૦ | ૫૦૦ |
| કારેલા | ૫૦૦ | ૬૦૦ |
| ગલકા | ૪૨૦ | ૫૨૦ |
| કાકડી | ૩૦૦ | ૫૮૦ |
| ગુવાર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૨૯૩૦ | ૩૦૦૦ |
| ચોળા લીલા | ૯૦૦ | ૧૦૦૦ |
| તુરીયા | ૭૦૦ | ૮૦૦ |
| ચીભડા | ૬૦૦ | ૧૦૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૯૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૮૦૦ | ૨૮૦૦ |
| કોથમીર | ૫૦૦ | ૧૦૦૦ |
| મેથીભાજી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફોદીનો | ૮૦૦ | ૯૦૦ |
| ટીંડોરા | ૭૫૦ | ૮૫૦ |
| બીટ | ૩૮૦ | ૪૮૦ |
| સરગવો | ૯૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૩૬૦ | ૫૪૦ |
| લસણ સુકું | ૧૪૦૦ | ૨૪૦૦ |
| લીબુ | ૪૦૦ | ૬૦૦ |
| પાલક | ૭૦૦ | ૮૦૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૨૧૫ | ૧૨૧૫ |
| ઘઉં લોકવન | ૪૬૦ | ૫૩૧ |
| શીંગદાણા | ૧૮૦૦ | ૧૯૨૦ |
| કાળા તલ | ૨૮૧૦ | ૨૮૧૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| એરંડા | ૧૨૮૦ | ૧૨૮૦ |
| **બગસરા** | | |
| ઘઉ લોકવન | ૪૫૧ | ૪૫૧ |
| જુવાર | ૭૬૦ | ૭૬૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૨૫ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૨૫૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| સોયાબીન | ૧૩૨૦ | ૧૩૫૧ |
| ચણા | ૧૧૬૫ | ૧૧૬૫ |
| તલ કાળા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ધાણા | ૩૦૫૦ | ૩૦૫૦ |
| **બાબરા** | | |
| મગફળી | ૧૧૦૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૭૫૦ |
| ચણા | ૧૦૪૦ | ૧૨૦૦ |
| ઘઉ | ૫૦૫ | ૫૩૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૩૮૬ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૨૬ |
| ઘઉં | ૪૮૦ | ૫૬૬ |
| રાય | ૧૪૦૦ | ૧૬૯૫ |
| જુવાર | ૮૦૦ | ૧૧૭૦ |
| અડદ | ૧૮૦૦ | ૧૯૭૬ |
| મગ | ૧૩૦૦ | ૨૧૦૦ |
| સફેદ તલ | ૧૮૦૦ | ૨૪૦૨ |
| કાળા તલ | ૨૨૦૦ | ૩૮૦૦ |
| સોયાબીન | ૧૨૫૦ | ૧૩૮૬ |
| સીંગદાણા | ૧૬૦૦ | ૨૦૪૯ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૫૦ | ૪૪૦ |
| ઘઉં | ૩૦૦ | ૫૩૦ |
| તુવેર | ૮૦૦ | ૯૪૦ |
| વાલ | ૧૦૦૦ | ૧૦૯૦ |
| ચણા | ૧૧૪૧ | ૧૨૪૧ |
| ચણા સફેદ | ૧૪૪૦ | ૧૬૮૫ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૩૫૦ |
| એરંડા | ૧૩૫૧ | ૧૩૬૦ |
| તલી | ૨૦૦૦ | ૨૪૩૧ |
| રાયડો | ૧૧૦૫ | ૧૪૯૫ |
| લસણ | ૮૦૦ | ૨૯૯૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૭૫ |
| અજમો | ૨૪૦૦ | ૩૦૨૦ |
| અજમાની ભૂસી | ૨૫ | ૨૪૦૦ |
| ધાણા - ધાણી | ૧૨૦૦ | ૨૯૧૫ |
| ડુંગળી સુકી | ૧૫૦ | ૫૩૦ |
| શીંગદાણા | ૧૬૦૦ | ૧૯૭૫ |
| કલોંજી | ૯૦૦ | ૩૩૪૫ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૩૦૦ | ૨૩૦૦ |
| બાજરો | ૫૦૦ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૫૨૧ | ૫૨૧ |
| જુવાર | ૬૦૧ | ૬૦૧ |

## શબ્દ સંજોગ-૨૨૩૯



**આડી ચાવી :**
(૧) પગે પડવું તે (૪)
(૩) "હાલોને...... બાઈની જાનમાં......." (૨)
(૫) આના થી આ ન શમે(૨)
(૬) અવાજ, ધ્વનિ (૨)
(૭) પગ, દરજ્જો (૨)
(૯) ચાર..... મળ્યાં, એટલે પ્રેમ થયોજ સમજો. (૨)
(૧૦) છીણીને કરેલો છૂંદો(૩)
(૧૧) ....... ને માથે સવાશેર(૨)
(૧૩) તદ્દન, અંત (૨)
(૧૫) ચામડીનો એક રોગ (૩)
(૧૬) રસથી પરિપૂર્ણ (૪)
(૧૮) ભોંય ખોદીને કરેલો ચૂલો (૩)
(૨૨) " હે પ્રિયે,..... નહીં તો...... આપો" (૨)
(૨૩)ગ્રામ્ય ઉત્પતિ ધરાવતું કર્ણાટકનું નૃત્ય-નાટક (૪)
(૨૫) અંગ્રેજી ચલણનું નાણું (૪)
(૨૭) આવરણ, પથિક (૨)

**ઉભી ચાવી :**
(૧) વિરુધ્ધ, ઊલટું (૩)
(૨) પીવું તે (૨)
(૩) પોપટ(૨)
(૪) એક નક્ષત્ર(૩)
(૫) અસ્ત વ્યસ્તનો પર્યાય (આ-અ) (૬)
(૬) મનોહર (૪)
(૮) એક હિંદુ તહેવાર (૩)
(૧૨) રૂપું, ધોળાશ પડતું (૩)
(૧૪) કસોટી ઉપરથી નક્કી કરેલો સોનારૂપાનાં ભાવનો આંક (૨)
(૧૫) ભયથી વ્યાપ્ત આ સંસારમાં તેજ વ્યકિત નિર્ભય રહી શકે, જે બધા પર...... રાખે. (૨)
(૧૭) એક જાતનું રેશમી કાપડ (૪)
(૧૯) ......સ્ત્રી-પુરૂષોનાં જીવનમાં પ્રવર્તક કોઈ શક્તિ હોય તો તે આત્મ શ્રધ્ધાની છે. (૩)
(૨૦) અલગ, જુદુ (૩)
(૨૧) એક ફળ(૨)
(૨૩) એક દેવયોનિ (૨)
(૨૪) ઘટ્ટ, ઘાડું (૨)
(૨૫) શરીરનો મધ્ય ભાગ (૨)
(૨૬) "હું તો તમારા ફોઈના દીકરાની નાની થાઉં" (૨)

## શબ્દ સંજોગ-૨૨૩૮ જવાબ

**આડી ચાવી:** (૧) પાનેતર (૩) ભાંજગડ (૬) રોગ (૭) તમ (૮) પણછ (૧૦) રોમ (૧૩) લટ (૧૫) જાજમ (૧૭)કાતરો (૧૯) કોમ (૨૧) દર (૨૩) નથ (૨૫) જુવાળ (૨૭) દોળ (૨૮) કમોદ (૨૯) ધારણ (૩૧) નમણ (૩૨) તારણ **ઉભી ચાવી:** (૧) પાની (૨) તમણ (૩) ભાંગરો (૪) ગત (૫) ડમડમ (૯) છલ (૧૧) મજા (૧૨) એકાદ (૧૪) ટકો (૧૬) જરા (૧૮) તરજુમો(૨૦) મનવાર (૨૨) કાળ (૨૪) મેળવણ (૨૬) વાદન (૨૮) કઢી (૨૯) ધાણ (૩૦) ણતા (તાણ).

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

**બગેશ્વર મહાદેવ મંદિર રોડથી ગોંડલીયા ચોક સુધી દુર્ગંધથી હાલાકી**

# બગસરાની બજારમાં ગટરના ગંદા પાણીથી વેપારીઓ ત્રાહીમામ

બગસરા,તા.૨૯


તસવીર : હાર્દિક બામટા

બગસરામાં બગેશ્વર મહાદેવ મંદિર રોડથી ગોંડલીયા ચોક સુધીના મુખ્ય માર્ગ પર વરસાદ વિના ગટરના ગંદા પાણી ફરી વળતા વેપારીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સતત દુર્ગંધયુક્ત પાણી રોડ પર વહેતાં દુકાનોમાં ગ્રાહકોને આવવામાં મુશ્કેલી પડે છે, જેના કારણે વેપાર-ધંધા પર પણ અસર થઈ રહી છે. બગેશ્વર મહાદેવ મંદિર જવા માટે ભાવિકોને પણ આ ગંદા પાણીમાંથી પસાર થવું પડે છે. આગામી શ્રાવણ માસમાં હજારો શ્રધ્ધાળુઓ આવતા હોવાથી વધુ મુશ્કેલી સર્જાય તેવી ભીતિ વ્યક્ત કરવામાં આવી છે. વડીલો અને વાહનચાલકો માટે પણ અકસ્માતનો ભય રહે છે અને અનેક વખત બાઈક સ્લીપ થવાની ઘટનાઓ બનતી હોવાનું વેપારીઓ જણાવે છે. વેપારીઓએ અનેક રજૂઆતો છતાં સમસ્યાનો ઉકેલ ન આવતા પાલિકા સામે નારાજગી વ્યક્ત કરી છે. તાત્કાલિક ગટર વ્યવસ્થા સુધારી રોડ પર ગંદા પાણી આવતું બંધ કરવાની લોકો અને વેપારીઓએ માંગ કરી છે.

**ભૂતકાળમાં પાલિકાનો વિરોધ કરનાર અત્યારે ચૂપ**

બગસરામાં આ જ માર્ગ પર પાલિકાની બેદરકારીને કારણે વારંવાર દુર્ગંધયુક્ત પાણી ફરી વળે છે ત્યારે શહેરના એક આગેવાને વેપારીઓની મુશ્કેલીને ધ્યાને લઈ પાલિકાની નીતિની ટીકા કરી હતી જો કે હવે આ જ આગેવાન અત્યારે પાલિકા સદસ્ય હોય અને વેપારીઓ હાલાકી ભોગવતા હોવાથી વેપારીઓમાં ભારે રોષ ફેલાયો છે.

# ભરણપોષણ કેસમાં ૧૫૩ દિવસની સજા પામેલ વોરંટના આરોપીને પકડી પાડતી રાજુલા પોલીસ

રાજુલા,તા.૨૯



કોર્ટ મુદતે હાજર રહેતા ન હોય તેવાં વોરંટના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવાં રાજુલા ફોજદારી પરચુરણ અરજી નં-૫૫૯/૨૦૨૪ ના કામે સામાવાળા ગુણવંતભાઈ ઉર્ફે ગુણાભાઈ દુલાભાઈ રાઠોડ (ઉ.વ.૩૮, ધંધો. મજુરી, રહે. ભાક્ષી-૧, તા.રાજુલા, જી.અમરેલી) ભરણપોષણની રકમ આપવામાં કસુર કરી કોર્ટમાં હાજર રહેતા ન હોવાથી તેમની વિરૂધ્ધ ૧૫૩ દિવસની સાદી સજાનું વોરંટ ઈશ્યુ થયેલ હતું.

આ સજા વોરંટના કામે નાસતા ફરતાં આરોપીને રાજુલા પોલીસ ટીમે ટેકનીકલ તેમજ હ્યુમન સોર્સના આધારે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. રાજુલા પોલીસની કડક કાર્યવાહીથી આરોપીને જેલની હવા ખાવાનો વારો આવ્યો છે.

**પોલીસની કડક કાર્યવાહીથી આરોપીને જેલની હવા ખાવાનો વારો આવ્યો**

# રાજુલામાં ગુરુ પૂર્ણિમા ઉત્સવની ધામધૂમથી કરવામાં આવી ઉજવણી

રાજુલા,તા. ૨૯


તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરમાં ગુરુ પૂર્ણિમા પર્વની ભક્તિરસ ભર વાતાવરણમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. કેસરીનંદન મંદિર, મારુતિ ધામ તેમજ દાદા ભગવાન લુહાર વાડી ખાતે આયોજિત કાર્યક્રમોમાં ગુરુ વંદના, ભક્તિસંગીત અને મહાપ્રસાદનો ત્રિવેણી સંગમ રચાયો હતો. "ગુરુર બ્રહ્મા ગુરુર વિષ્ણુ..." ના મંત્રોચ્ચારથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. 'ગુરુ બિન જ્ઞાન ન ઊપજે'ના ભાવ સાથે સમગ્ર રાજુલાની જનતા ગુરુભક્તિ અને જ્ઞાનના રંગે રંગાઈને ભાવવિભોર બની હતી.

# સૌરાષ્ટ્ર-કચ્છ માટે રાજકોટમાં હાઈકોર્ટ બેન્ચ માટે કોડીનાર વકીલ મંડળે આવેદન પાઠવ્યું

**માંગ નહી સંતોષાય તો વકીલોએ આપી આંદોલનની ચીમકી**

કોડીનાર,તા.૨૯



સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના નાગરિકો તેમજ વકીલોને ન્યાયપ્રક્રિયા સરળતાથી મળી રહે તે માટે રાજકોટ ખાતે ગુજરાત હાઈકોર્ટની બેન્ચ શરૂ કરવાની વર્ષો જૂની માંગણી ફરી એકવાર બુલંદ બની છે. આ અંગે કોડીનાર બાર એસોસિએશનના હોદ્દેદારો અને વકીલો દ્વારા મામલતદાર મારફતે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સોંપવામાં આવ્યું છે.માત્ર અમદાવાદમાં જ હાઈકોર્ટ હોવાના કારણે સૌરાષ્ટ્ર અને કચ્છના પક્ષકારોને લાંબી મુસાફરી કરવી પડે છે, જેનાથી સમય અને નાણાંનો ભારે વ્યય થાય છે. જો સરકાર દ્વારા રાજકોટ મુકામે હાઈકોર્ટ બેન્ચ મંજૂર કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં તમામ બાર એસોસિએશનો સાથે મળીને ઉગ્ર આંદોલન કરવાની સ્પષ્ટ ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# સમસ્ત વાવેરા ગામની દીકરીઓનું સ્નેહમિલન સુરત ખાતે યોજાશે

જાફરાબાદ,તા.૨૯

સુરતના યોગીચોક સ્થિત રામવાડી, પૂજન પ્લાઝા ખાતે આગામી તારીખ ૩૧/૦૭/૨૦૨૬ને શુક્રવારના રોજ સાંજે ૩:૦૦ કલાકે સમસ્ત વાવેરા ગામની પાટીદાર દીકરીઓ દ્વારા એક ભવ્ય સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. મહિલાઓ આત્મનિર્ભર બને અને સમાજમાં નવા વિચારોનો સંચાર થાય તેવા સુંદર હેતુથી આ કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે સ્નેહ, સાથ અને સંસ્કારનું અનોખું મિલન જોવા મળશે. આ સફળ આયોજન માટે વક્તા તરીકે હાર્દિકભાઈ કોટડીયા અને અંજુબેન ચટણી ઉપસ્થિત રહેશે. સમગ્ર કાર્યક્રમ વાવેરા ગામ દીકરી ગ્રુપ તથા અરુણાબેન ગજેરા, ગીતાબેન પંચાણી અને માલતીબેન કોટડીયાના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહ્યો છે, જેમાં મોટી સંખ્યામાં દીકરીઓ હાજર રહેશે.

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદની માતૃ શક્તિ અને દુર્ગા વાહિની દ્વારા વૃક્ષારોપણ

અમરેલી,તા.૨૯



દર વર્ષે ૨૮ જુલાઈના રોજ સમગ્ર વિશ્વમાં 'વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ ખાસ દિવસ કુદરતી સંસાધનોનું યોગ્ય જતન કરવા, વૃક્ષો તથા જંગલોનું રક્ષણ કરવા અને પર્યાવરણની સમતુલા જાળવી રાખવાનો એક ખૂબ જ મહત્વપૂર્ણ સંદેશ આપે છે. આ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગરની માતૃ શક્તિ અને દુર્ગા વાહિની દ્વારા એક વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ ભાવનગર વિભાગના સંયોજિકા રમીલાબેન પટોળિયા, અમરેલી નગર મંત્રી પંકજભાઈ કાનાણી, ઉપાધ્યક્ષ રવિભાઈ પંડ્યા, દુર્ગા વાહિનીના સંયોજિકા ગોપીબેન ચાવડા, સહ-સંયોજિકા હીરલબા વાળા અને જયશ્રીબેન સાવલિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે માતૃશક્તિ અને દુર્ગા વાહિનીની તમામ બહેનોએ ઉત્સાહપૂર્વક જોડાઈને વૃક્ષારોપણ કરી પર્યાવરણ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવી હતી.

# ધારીના ખીચા દેવંગી આશ્રમમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

ધારી,તા.૨૯


તસવીર : સંજય વાળા

ધારી તાલુકાના ખીચા ગામ સ્થિત દેવંગી આશ્રમ ખાતે ગુરુપૂર્ણિમા મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આશ્રમના મહંત માધવદાસ બાપુના અધ્યક્ષસ્થાને યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સંતો, મહંતો, આગેવાનો અને ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહી ગુરુવંદના કરી હતી. સમગ્ર આશ્રમ ભજન, પૂજન અને આધ્યાત્મિક વાતાવરણથી ગુંજી ઉઠ્યો હતો.માધવદાસ બાપુએ પોતાના આશીર્વચનમાં ગુરુના મહિમા, આધ્યાત્મિક જીવનના મૂલ્યો અને ભારતીય સંસ્કૃતિમાં ગુરુ-શિષ્ય પરંપરાનું મહત્વ સમજાવ્યું હતું. ઉપસ્થિત ભાવિકોએ ગુરુચરણોમાં વંદન કરી આશીર્વાદ મેળવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સમાજસેવા અને પોલીસ વિભાગમાં નિષ્ઠાપૂર્વક સેવા આપનાર નિવૃત્ત PSI ખીમજીભાઈ મકવાણાનું શાલ ઓઢાડી અને સ્મૃતિચિહ્ન અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. મહાનુભાવોએ તેમના સેવાકાર્યની પ્રશંસા કરી હતી. અંતે ભજન-કીર્તન, મહાપૂજા અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા આશ્રમના સેવકો અને આયોજકોએ જહેમત ઉઠાવી હતી.

# ગોંડલમાં વિઠ્ઠલભાઈ રાદડિયાની સાતમી પુણ્યતિથિએ ભવ્ય રક્તદાન કેમ્પ યોજાયો

ગોંડલ,તા.૨૯



ખેડૂત આગેવાન અને પૂર્વ મંત્રી સ્વ. વિઠ્ઠલભાઈ રાદડિયાની સાતમી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં શ્રધ્ધાંજલિ અને સેવાકીય કાર્યોનું આયોજન કરવામાં આવ્યું છે. આ નિમિત્તે ગોંડલ તાલુકા સહકારી પરિવાર, વિવિધ સામાજિક સંસ્થાઓ અને રોટરી ક્લબ ઓફ ગોંડલના સંયુક્ત ઉપક્રમે ગોંડલના જેલચોક પટેલ વાડી ખાતે વિશાળ રક્તદાન કેમ્પનું આયોજન કરાયું હતું. આ કેમ્પમાં યુવાનો અને મહિલાઓ સહિત મોટી સંખ્યામાં લોકો રક્તદાન કરવા માટે ઉમટી પડ્યા હતા અને ૩૩૪થી વધુ બોટલ બ્લડ એકત્ર કરવામાં આવ્યું હતું. ગોંડલના મનસુખભાઈ રૂપારેલીયાએ ૭૭મી વખત રક્તદાન કર્યું હતું.

# સાવરકુંડલા માનવમંદિરમાં ગુરુપૂર્ણિમાની ઉજવણી

સાવરકુંડલા,તા.૨૯


તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા સ્થિત માનવમંદિરમાં ગુરુપૂર્ણિમાની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે માનવમંદિરમાં આશ્રય લઈ રહેલી મનોદિવ્યાંગ દીકરીઓ તથા અન્ય નિરાધાર મનોદિવ્યાંગો સાથે ગુરુપૂજન, આરતી અને આશીર્વાદ કાર્યક્રમ યોજાયો હતો. મોટી સંખ્યામાં ભક્તોએ હાજરી આપી ગુરુવંદના કરી હતી. ભક્તોએ મનોદિવ્યાંગો સાથે સમય પસાર કરી લાગણીસભર સંવાદ પણ કર્યો હતો. માનવમંદિરના મહંત ભક્તિબાપુએ જણાવ્યું કે ગુરુપૂર્ણિમા જીવનમાં અજ્ઞાનમાંથી જ્ઞાન તરફ આગળ વધવાનો સંદેશ આપે છે. તેમણે જણાવ્યું કે માનવમંદિર વર્ષોથી રસ્તાઓ પર ભટકતા મનોદિવ્યાંગોને નિઃશુલ્ક આશ્રય, સારવાર અને સંભાળ પૂરી પાડી રહ્યું છે તેમજ તેમને આત્મવિશ્વાસ સાથે સમાજના મુખ્ય પ્રવાહમાં જોડવા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.


**નામ બદલાવેલ છે**

આથી સોગંદપૂર્વક જણાવું છું કે મારૂ જૂનું નામ નિપાબહેન નિખિલકુમાર ગાંધી હતું જે તેમાંથી બદલાવી નવું નામ નિપાબેન નિખિલભાઈ ગાંધી રાખેલ છે. હવેથી હું નિપાબેન નિખિલભાઈ ગાંધી નામથી ઓળખાઈશ તેની સર્વેએ નોંધ લેવી.

નિપાબેન નિખિલભાઈ ગાંધી

સરનામુ : - કલ્યાણ સોસાયટી, મહુવા રોડ

સાવરકુંડલા જી અમરેલી, ૩૬૪૫૧૫

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી. નં. ૭૬/ ૨૦૨૬

શ્રી જીજ્ઞેશભાઈ વિઠલભાઈ વોરા

રહે.એ–૨૫૬ પ્રમુખછાયા સોસા. પુણા સિમાડા રોડ, યોગી ચોક,

સુરત તા.જિ.સુરત–૩૯૫૦૧૦ .......... અરજદાર

વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,

ગ્રામ પંચાયત–વ–તલાટી કમ મંત્રીશ્રી–બવાડી ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ**

**જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી જીજ્ઞેશભાઈ વિઠલભાઈ વોરાનો પોતાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૮૧ના રોજ બવાડી મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી. નં. ૮૧/ ૨૦૨૬

શ્રી ભરતભાઈ કુરજીભાઈ સોલંકી

રહે.આંબા તા.લીલીયા જિ.અમરેલી .......... અરજદાર

વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,

ગ્રામ પંચાયત-વ-તલાટી કમ મંત્રીશ્રી-આંબા. ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ**

**જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ભરતભાઈ કુરજીભાઈ સોલંકીનો પોતાનો જન્મ તા.૧૮/૦૮/૧૯૮૩ના રોજ આંબા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમોને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે.જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //-**

જન્મ રજી. નં. ૪૯ / ૨૦૨૬

શ્રી ઘુઘાભાઈ મામૈયાભાઈ જોગરાણા

રહે.કુંતાણા તા.લીલીયા જિ.અમરેલી. .......... અરજદાર

વિરૂધ્ધ :-

જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી,

ગ્રામ પંચાયત–વ–તલાટી કમ મંત્રીશ્રી કુંતાણા ........સામાવાળા

**જાહેર નોટીસ**

**બાબત :- જન્મ-મરણ અધિનીયમ કલમ-૧૩(૩) મુજબ**

**જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી ઘુઘાભાઈ મામૈયાભાઈના પુત્ર ભોળાભાઈ ઘુઘાભાઈ જોગરાણાનો જન્મ તા.૧૧/૦૮/૧૯૮૫ના રોજ કુંતાણા મુકામે થયેલ છે. અને તેમના જન્મ અંગેની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભૂલ અને શરતચુક થી કરાવવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધણી કરાવવા અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તો સદર જન્મની નોંધણી કરાવવા સામાવાળા ને હુકમ કરવા સામે કોઈપણ ઈસમવાં વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં લેખીત વાંધો રજુ કરવો.લેખીત વાંધો રજુ ન થયેથી વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૪/૦૭/૨૦૨૬ના રોજ મારી સહી તથા કચેરીનો ગોળ સીક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લીલીયા**

**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.: ૨૬૫/૨૦૨૬

જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૭૪

લખમણભાઈ કાનાભાઈ સરવૈયા,

રહે.શેઢાયા, ગામ-શેઢાયા, તાલુકો-કોડીનાર

જિલ્લો-ગીર સોમનાથ

......... અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી,

**ગ્રામ પંચાયત શેઢાયા**, તા. કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ

........ સામાવાળા

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી લખમણભાઈ કાનાભાઈ સરવૈયા, રહે.શેઢાયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી કાનાભાઈ મેપાભાઈ સરવૈયા તથા કમુબેન કાનાભાઈ સરવૈયા ના પુત્રી **કમુબેન કાનાભાઇ સરવૈયાનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૪**ના રોજ કોડીનાર તાલુકાના **શેઢાયા** મુકામે થયેલ છે, જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા. ૨૮/૦૭/૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**

# અમરેલી કમાણી સાયન્સ કોલેજમાં સમય બદલાતા વિદ્યાર્થીઓનો વિરોધ

**બે દિવસમાં ઉકેલ નહીં આવે તો ઉગ્ર આંદોલનની એબીવીપીએ આપી ચેતવણી**

અમરેલી,તા.૨૯

અમરેલી શહેરની કમાણી સાયન્સ કોલેજમાં BCA વિભાગના વર્ગોના સમયમાં કરવામાં આવેલા ફેરફારને લઈને વિદ્યાર્થીઓમાં ભારે અસંતોષ જોવા મળ્યો હતો. સમય બદલવાના નિર્ણયનો વિરોધ કરતા વિદ્યાર્થીઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના આગેવાનો સાથે કોલેજ પહોંચ્યા હતા અને સંચાલનને આવેદનપત્ર પાઠવી સમય અંગે પુનર્વિચાર કરવાની માંગ કરી હતી.વિદ્યાર્થીઓનું કહેવું છે કે અગાઉ BCAના વર્ગોનો સમય સવારે ૮ વાગ્યાથી બપોરે ૧ વાગ્યા સુધી હતો. છેલ્લા ઘણા વર્ષોથી આ સમય મુજબ અભ્યાસ ચાલતો હોવાથી વિદ્યાર્થીઓએ પોતાની દૈનિક વ્યવસ્થા તે મુજબ ગોઠવી હતી. હવે અચાનક વર્ગોનો સમય સવારે બદલીને બપોરે ૧૧ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી કરવામાં આવતા અનેક વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા છે.વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ બહારગામથી અપ-ડાઉન કરતા વિદ્યાર્થીઓને નવા સમયને કારણે વાહન વ્યવસ્થાની સમસ્યા ઉભી થઈ રહી છે. ઉપરાંત, ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે પાર્ટ-ટાઈમ નોકરી કરીને પોતાની કોલેજની



ફી અને અન્ય ખર્ચ પૂરાં કરતા હોવાથી નવા સમયપત્રકના કારણે તેમની નોકરી અને અભ્યાસ વચ્ચે સંતુલન જાળવવું મુશ્કેલ બન્યું છે.ABVPના અમરેલી જિલ્લા સંયોજક રુદ્ર રાજ્યગુરુએ જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓ છેલ્લા પાંચ વર્ષથી એક જ સમય મુજબ અભ્યાસ કરતા આવ્યા છે. સંચાલને વિદ્યાર્થીઓની સુવિધાનો વિચાર કર્યા વગર સમય બદલવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણયથી ખાસ કરીને બહારથી આવતા અને પાર્ટ-ટાઈમ નોકરી કરતા વિદ્યાર્થીઓને વધુ મુશ્કેલી પડી રહી છે. તેમણે જણાવ્યું કે સંચાલનને આવેદનપત્ર આપવામાં આવ્યું છે અને બે દિવસમાં યોગ્ય નિર્ણય નહીં લેવાય તો વિદ્યાર્થી પરિષદ ઉગ્ર આંદોલન કરશે. વિદ્યાર્થીઓની રજૂઆત બાદ કોલેજ સંચાલને તેમની માંગ લેખિતમાં સ્વીકારી મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવાની ખાતરી આપી હતી. કમાણી સાયન્સ કોલેજ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજના પ્રિન્સિપાલ અશોકભાઈ ચંદ્રવાડિયાએ જણાવ્યું હતું કે કોલેજની સ્થાપના સમયથી જ નિયમિત સમય સવારે ૧૧ વાગ્યાથી સાંજે ૫:૧૦ સુધીનો રહ્યો છે અને અધ્યાપન કાર્ય સાંજે ૪:૧૦ વાગ્યા સુધી પૂર્ણ થાય છે. યુજીસીના નિયમો તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના માપદંડોને ધ્યાનમાં રાખીને આ સમય નક્કી કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે વિદ્યાર્થીઓની રજૂઆત સાંભળવામાં આવી છે અને તેમની માંગ મેનેજમેન્ટ સમક્ષ રજૂ કરવામાં આવશે. હવે કોલેજ સંચાલન વિદ્યાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં રાખીને સમયપત્રકમાં ફેરફાર કરે છે કે નહીં, તેના પર વિદ્યાર્થીઓ અને વાલીઓની નજર મંડાઈ છે.

## અમિત શાહ પરની ટિપ્પણી બદલ રાહુલ ગાંધીએ માફી માંગવી પડશે : કિરેન રિજિજુ

નવી દિલ્હી,તા.૨૯

સંસદના ચોમાસા સત્ર દરમિયાન લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પર કરાયેલી ટિપ્પણી સામે શાસક પક્ષે સખત વાંધો ઉઠાવ્યો છે.


પેપર લીક વિરોધી બિલ પર ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ બિનસંસદીય શબ્દોનો ઉપયોગ કર્યો હોવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ હસ્તક્ષેપ કરતા જણાવ્યું કે, વિપક્ષના નેતાએ ગૃહની ગરિમા અને સંસદીય શિષ્ટાચાર જાળવવો જોઈએ. રાહુલ ગાંધી વારંવાર બિનસંસદીય શબ્દોનો ઉપયોગ કરીને ગૃહની પરિસ્થિતિ વણસાવી રહ્યા છે, જે સાંખી લેવાશે નહીં. તેમણે સ્પષ્ટ કર્યું કે જો તેઓ નિયમાનુસાર બોલશે તો જ સરકાર તેમને સાંભળશે.

## અમરેલી સહિત રાજયના અનેક જિલ્લામાં આજથી વરસાદની આગાહી

સુરત,તા.૨૯

રાજયમાં એકસાથે વરસાદની ચાર સિસ્ટમ સક્રિય થતાં રાજ્યમાં ફરી વરસાદી માહોલ જામવાનો છે. હવામાન વિભાગે ૩૦ જુલાઈથી આગામી ૭ દિવસ સુધી ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતના અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી શકે છે. આવતીકાલે સુરત સહિત સાત જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જ્યારે ૩૧ જુલાઈએ



અમદાવાદ, વડોદરા, સુરત સહિત આઠ જિલ્લામાં અત્યંત ભારે વરસાદ માટે રેડ એલર્ટ આપવામાં આવ્યું છે. આજે સવારે ૬ વાગ્યાથી સાંજે ૪ વાગ્યા સુધી રાજ્યના ૩૮ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ દાહોદના સંજેલીમાં ૧.૩૮ ઈંચ અને સિંગવડમાં ૧.૦૬ ઈંચ વરસાદ નોંધાયો હતો. મહીસાગરના લુણાવાડામાં પણ એક ઈંચ વરસાદ વરસ્યો હતો. ધોલેરા પંથકમાં ઉપરવાસના વરસાદને કારણે ચારે તરફ પાણી ભરાઈ જતાં અનેક વિસ્તારો જળબંબાકાર બન્યા હતા.

## એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસ ૧૨ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ કરવામાં આવશે

નવી દિલ્હી,તા.૨૯

અમદાવાદથી લંડન જતી એર ઈન્ડિયા ફ્લાઈટ AI-૧૭૧ દુર્ઘટનાની તપાસ ૧૨ ઓક્ટોબર સુધીમાં પૂર્ણ થઈ જશે. એરક્રાફ્ટ અકસ્માત તપાસ બ્યુરો (AAIB) દ્વારા સુપ્રીમ કોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની બેન્ચ સમક્ષ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ સ્પષ્ટતા કરી હતી કે આ તપાસ આંતરરાષ્ટ્રીય પ્રોટોકોલ મુજબ ચાલી રહી છે અને તેમાં વિદેશી નિષ્ણાતો



પણ સામેલ છે. અંતિમ તપાસ અહેવાલ ઓક્ટોબરમાં સીલબંધ કવરમાં કોર્ટને સોંપવામાં આવશે. આ દુર્ઘટનામાં ૨૬૦ લોકોએ જીવ ગુમાવ્યા હતા. સુપ્રીમ કોર્ટે હવે આ મામલાની આગામી સુનાવણી ૧૨ ઓક્ટોબરના રોજ નક્કી કરી છે.

## આસામમાં પૂરથી ભારે તબાહીથી ૨૪ કલાકમાં વધુ ૭ લોકોના મોત સાથે મૃત્યુઆંક ૭૫ પહોંચ્યો

આસામ,તા.૨૯

આસામમાં ચોમાસા દરમિયાન પૂરની સ્થિતિ અત્યંત ગંભીર બની છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૭ લોકોના મોત થતાં કુલ મૃત્યુઆંક ૭૫ પર પહોંચ્યો છે. શિવસાગર, ગોલાઘાટ, જોરહાટ, ચરાઈદેવ, નાગાંવ, સોનિતપુર અને કામરૂપ સહિતના ૭ જિલ્લાઓમાં ૩.૩૨ લાખ



લોકો પૂરની ઝપેટમાં આવ્યા છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આસામ સરકારે મૃતકોના પરિવારોને અપાતી સહાય વધારીને રૂ. ૯ લાખ કરી દીધી છે. સૌથી વધુ અસરગ્રસ્ત ચરાઈદેવ જિલ્લામાં ૧.૪૨ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. વિસ્થાપિતો માટે ૮૧ રાહત શિબિરો શરૂ કરવામાં આવ્યા છે. સેના, એનડીઆરએફ અને એસડીઆરએફ સહિતની ટીમ સતત બચાવ કામગીરી કરી રહી છે. પૂરમાં ૪૫,૩૪૧ હેક્ટર પાક ડૂબી ગયો છે. સંચાર સેવાઓ ખોરવાય નહીં તે માટે શિવસાગર જિલ્લામાં 'ઈન્ટ્રા-સર્કલ રોમિંગ' લંબાવવામાં આવ્યું છે.

## રાજકોટમાં હાઈકોર્ટ બેન્ચની માંગ સાથે સૌરાષ્ટ્ર-કચ્છના વકીલોની એક દિવસની હડતાલ

રાજકોટ,તા.૨૯

રાજકોટમાં હાઈકોર્ટની બેન્ચ સ્થાપવાની માંગને લઈને સૌરાષ્ટ્ર-કચ્છના બાર એસોસિએશનો ફરી એકવાર એકજૂટ બન્યા હતા. રાજકોટ બાર એસોસિએશન દ્વારા છેલ્લા એક વર્ષથી આ મુદ્દે સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. તેના ભાગરૂપે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છના વિવિધ




બાર એસોસિએશન દ્વારા એક દિવસની હડતાલ પાળી સરકારને આવેદનપત્ર પાઠવી લેખિત રજૂઆત કરવામાં આવી હતી. રજૂઆતમાં જણાવાયું હતું કે સૌરાષ્ટ્ર-કચ્છના ૮૦ તાલુકા અને ૫૦૦૦થી વધુ ગામોના લોકોને ન્યાય માટે અમદાવાદ સુધી જવું પડે છે, જેના કારણે સમય અને ખર્ચ બંનેમાં વધારો થાય છે. ગુજરાત હાઈકોર્ટમાં નોંધાતા અંદાજે ૪૦ ટકા કેસ સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારના હોવાથી રાજકોટમાં હાઈકોર્ટ બેન્ચ શરૂ કરવામાં આવે તો હાઈકોર્ટનું ભારણ પણ ઘટશે અને લોકોને ઝડપી તથા સરળ ન્યાય મળી શકશે તેવી માંગ ઉઠાવવામાં આવી હતી.

## પતિ-પત્ની બંને કમાતા હોય તો ઘર અને બાળકનો ખર્ચ સાથે ઉઠાવવો જોઈએ : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ,તા.૨૯

બોમ્બે હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ આદેશમાં જણાવ્યું છે કે સમાનતાનો દાવો પસંદગીપૂર્વક કરી શકાય નહીં. જો પતિ અને પત્ની બંને કમાતા હોય તો તેમણે ઘર ચલાવવાનો અને બાળકોના શિક્ષણનો ખર્ચ આપસમાં વહેંચવો જોઈએ. જસ્ટિસ એમ. એમ. સાથયેની સિંગલ બેન્ચે ફેમિલી કોર્ટના આદેશને સુધારીને પતિ દ્વારા અપાતું રૂ. ૫૦ હજારનું



ભરણપોષણ ઘટાડીને રૂ. ૨૫ હજાર કર્યું છે.

કોર્ટે નોંધ્યું કે પતિ પત્ની રહે છે તે અંધેરી અને પનવેલના ઘરના ઈએમઆઈ એકલો ભરી રહ્યો છે, જ્યારે પોતે બિહારમાં રહે છે. આર્થિક બોજ ઓછો કરવા પનવેલ શિફ્ટ થવાની પતિની વિનંતી પત્નીએ ફગાવી હતી. કોર્ટે સ્પષ્ટ કર્યું કે કોઈ પણ નાણાકીય યોગદાન આપ્યા વિના અંધેરી જેવા વિસ્તારમાં રહેવાની ઈચ્છા વચ્ચે પત્નીને મળતી ભરણપોષણની રકમ ઘટાડવાની પતિની માંગ સંપૂર્ણપણે વાજબી છે.

## પંજાબ વિધાનસભા ચૂંટણી માટે શિરોમણી અકાલી દળ દ્વારા ૨૦ ઉમેદવારોની જાહેરાત

ચંડીગઢ,તા.૨૯

પંજાબ વિધાનસભા ચૂંટણી ૨૦૨૭ને ધ્યાનમાં રાખીને રાજકીય પક્ષોએ તૈયારીઓ તેજ કરી દીધી છે. શિરોમણી અકાલી દળ (અમૃતસર)ના સંસદીય બોર્ડે ૨૦ ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. પાર્ટીના સચિવ ગુરજંત સિંહ કટ્ટુ અનુસાર, કાર્યકારી પ્રમુખ ઈમાન સિંહ માનને ફતેહગઢ સાહિબ બેઠક પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. બાકીની બેઠકો પર પણ ટૂંક સમયમાં ઉમેદવારો ઘોષિત કરાશે. બીજી તરફ, ભાજપ નેતા અને કેન્દ્રીય મંત્રી રવનીત સિંહ બિટ્ટુએ પંજાબ રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરવા રાજીનામુ આપ્યું છે. તેઓ લુધિયાણા બેઠક પરથી ચૂંટણી લડે તેવી શક્યતા છે. આ દરમિયાન, મુખ્યમંત્રી ભગવંત માન અને આમ આદમી પાર્ટીએ ૨૦૨૭માં ફરી સરકાર બનાવવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે.

## ભોપાલમાં ખેડૂતોનું પ્રદર્શન હિંસક બન્યું, બેરિકેડ તોડી સીએમ આવાસ તરફ કૂચ

ભોપાલ,તા.૨૯

ભોપાલમાં વિવિધ માંગણીઓ સાથે શરૂ થયેલી ખેડૂતોની 'કિસાન ક્રાંતિ પદયાત્રા' દરમિયાન પ્રદર્શન હિંસક બન્યું હતું. મગની ૧૦૦% ખરીદી અને એમએસપીની કાયદેસર ગેરંટી સહિતની માંગણીઓ સાથે મુખ્યમંત્રી નિવાસસ્થાન તરફ આગળ વધી રહેલા ખેડૂતોએ પોલીસ બેરિકેડ તોડી પાડ્યા હતા. નર્મદાપુરમ સહિત વિવિધ જિલ્લાઓમાંથી પહોંચેલા ખેડૂતો અને પોલીસ વચ્ચે તીવ્ર ઘર્ષણ થયું હતું.



સ્થિતિને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી મોહન યાદવે ખેડૂતોના પ્રશ્નોના ઉકેલ માટે કમિટીની રચના કરી છે. કૃષિ મંત્રી ઐદલ સિંહ કંસાના સાથે બેઠક બાદ કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણને મગ ખરીદીનો ક્વોટા વધારવા પત્ર લખાયો છે.

## ઈરાનની ચેતવણી : ફ્રીઝ ફંડમાંથી વળતર લેનારા દેશોના જહાજોને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થવા દેવાશે નહીં

**બીજા દેશની સંપત્તિનો ઉપયોગ કરવો એ આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન**

તહેરાન,તા.૨૯

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ઈરાને અમેરિકા અને તેના સહયોગી દેશોને સખત ચેતવણી આપી છે. ઈરાનના ખાતમ અલ-અંબિયા હેડક્વાર્ટરના પ્રવક્તા અનુસાર, મધ્ય પૂર્વના સંઘર્ષમાં નુકસાન



પામેલા જહાજોની ભરપાઈ કરવા માટે જો કોઈ દેશ કે કંપની ઈરાનની ફ્રીઝ થયેલી સંપત્તિનો ઉપયોગ કરશે, તો ઈરાની સૈન્ય તેમના વાણિજ્યિક જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થવા દેશે નહીં.

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા દરિયાઈ નુકસાનીનું વળતર ઈરાનના ફંડમાંથી આપવાની યોજનાના જવાબમાં ઈરાને આ આકરો વલણ અપનાવ્યો છે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચીએ જણાવ્યું કે આવી રીતે બીજા દેશની સંપત્તિનો ઉપયોગ કરવો એ આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન છે, જેનાથી વૈશ્વિક અસ્થિરતા અને અરાજકતા વધશે.

## કર્ણાટકમાં કાવેરીમાં પાણી છોડવાના આદેશ સામે વિરોધ પ્રદર્શનો, ખેડૂતોએ મશાલ જુલૂસ કાઢ્યું

કર્ણાટક,તા.૨૯

કાવેરી પાણી નિયમન સમિતિ (સીડબલ્યુઆરસી) દ્વારા તમિલનાડુ માટે પાણી છોડવાના આદેશ સામે કર્ણાટકના મંડ્યા અને મૈસુરુ જિલ્લામાં ખેડૂતો અને કન્નડ સંગઠનો દ્વારા વિરોધ પ્રદર્શનો તીવ્ર બન્યા છે. શ્રીરંગપટ્ટનામાં ખેડૂતોએ મશાલ જુલૂસ કાઢીને સીડબલ્યુઆરસીના આદેશની



સખત નિંદા કરી હતી. રાજ્યમાં સર્જાયેલી પાણીની વિકટ અછતનો ઉલ્લેખ કરીને પ્રદર્શનકારીઓએ કર્ણાટક સરકારને તમિલનાડુને પાણી ન છોડવા અપીલ કરી છે. ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો સરકાર આ આદેશનું પાલન કરશે તો રાજ્યભરમાં વિશાળ અને ઉગ્ર આંદોલન શરૂ કરવામાં આવશે. કાવેરી નદીના પાણીની વહેંચણી અંગે કર્ણાટક અને તમિલનાડુ વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે.

**કાવેરી નદીના પાણીની વહેંચણી અંગે કર્ણાટક અને તમિલનાડુ વચ્ચે લાંબા સમયથી વિવાદ**


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
આ ચોમાસામાં, આવો જોડાઈએ
કેચ ધ રેઈન
અભિયાનમાં,
અને લઈએ જળસંચયનો સંકલ્પ
...કારણ કે જળ છે તો આપણે છીએ
"કેચ ધ રેઈન - આ અભિયાન હેઠળ વરસાદના પાણીના એક-એક ટીપાંને આપણે સૌએ મળીને બચાવવાનું છે. મારો ખાસ આગ્રહ છે કે વરસાદના પાણીનું દરેક ટીપું આપણે બચાવીએ."
– નરેન્દ્ર મોદી, વડાપ્રધાન, ભારત
આપણે શું કરવાનું છે?
દરેક ઘર, સોસાયટી અને કામકાજના સ્થળ પર રેઈન વૉટર હાર્વેસ્ટિંગ ટેકનિક અપનાવીએ
યોગ્ય જગ્યા પસંદ કરીને રિચાર્જ પિટ તથા શાફ્ટ બનાવશો અને બિન-ઉપયોગી બોરવેલને ઠીક કરીને ગ્રાઉન્ડ વૉટર રિચાર્જ કરીએ
વાવ, કૂવા અને પરંપરાગત જળ સંરચનાઓમાં જરૂરી સુધારા કરી તેને વપરાશ યોગ્ય બનાવીએ
વરસાદી જળનો મહત્તમ સંગ્રહ થાય તે માટે આસપાસના તળાવો, જળાશયોમાંથી કાંપ કાઢીને જળધારણ ક્ષમતામાં વધારો કરીએ
જળગ્રહણ ક્ષેત્રોમાં વધુમાં વધુ વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારીએ
"વરસાદના એક-એક ટીપાંને જમીનમાં ઉતારી આપણી આવતીકાલને જળ-સુરક્ષિત અને પાણીદાર બનાવવાનો અમારો અડગ સંકલ્પ છે." - હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત